Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૪ મું. આત્મ સં. ૫૧ સંવત્ ૨૦૦૨.

અંક ૨ જો. ભાદ્રપદ : સપ્ટેમ્બર

તા. ૧૦-૯-૧૯૪૬.

સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.

વાર્ષિક લવાજમ રૂ. ૧-૧૨-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક—

— : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર : —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા.


| | | | |
|---|---|---|---|
| ૧ | પદ્મનાથ સ્તુતિઃ ... ... ... | ...લે૦ મુનિ પુર્ણાનન્દવિજય (કુમારશ્રમણ) | ૨૧ |
| ૨ | સેવાધર્મ... ... ... ... | ...લે. ગોવીંદલાલ ક. પરીખ ... | ...૨૨ |
| ૩ | ભયની સીમા ... ... ... | ...લે. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરીજી | ...૨૩ |
| ૪ | પરિગ્રહ મીમાંસા ... ... ... | ...લે. મુનિશ્રી ધુરંધરવિજયજી ... | ...૨૭ |
| ૫ | તત્ત્વસાર... ... ... ... | ...લે. મુનિશ્રી પુણ્યવિજયજી (સંવિજ્ઞપાક્ષિક) | ...૩૦ |
| ૬ | સૂક્તમુક્તાવલી ... ... ... | ...લે. મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ | ...૩૧ |
| ૭ | શ્રી હેમચન્દ્રાચાર્યની જીવન ઝરમર ... | ...લે મુનિશ્રી ન્યાયવિજયજી ... | ...૩૩ |
| ૮ | શોક–મોહનો નિવૃત્તિનો ઉપાય ... | ...અનુ૦ ‘ અભ્યાસી ’ ... | ...૩૫ |
| ૯ | નિમિત્તદ્વારા જ્ઞાનપ્રાપ્તિ ... ... | ...લે. ચોકસી... ... ... | ...૩૭ |
| ૧૦ | શ્રી સંતિકરં સ્તોત્ર અનુવાદ... ... | ...લે. હીરાચંદ ઝવેરચંદ શાહ ... | ...૩૯ |
| ૧૧ | વર્તમાન સમાચાર... ... ... | ...સભા. ... ... ... | ...૪૦ |


## આ માસમાં નવા થયેલા લાઇફ મેમ્બરો.

| | | | |
|---|---|---|---|
| ૧. | શેઠ બબલચંદભાઇ કેશવલાલ મોદી | પેટ્રન | મુંબઇ. |
| ૨. | શેઠ શાન્તિલાલ છગનલાલ | લાઇફ મેમ્બર | મુંબઇ. |
| ૩. | શેઠ મોહનલાલ જમનાદાસ | ,, | અમદાવાદ. |
| ૪. | શાહ હિંમતલાલ વલ્લભદાસ | લાઇફ મેમ્બર | કૃષ્ણનગર–(ભાવનગર) |
| ૫. | કોઠારી પન્નાલાલ ઝુમખરામ | ,, | મુંબઇ. |
| ૬. | શાહ મૂળજીભાઇ વીજપાળ | વાર્ષિક મેમ્બર | મોટા આસંબીયા–(કચ્છ) |

**વાંચો–વિચારો—　　આત્મકલ્યાણ સાધો—　　જ્ઞાન–ભક્તિ કરો—**

## સ્થિતિસંપન્ન જૈન બન્ધુઓને એક નમ્ર સૂચના—

રૂા. એકસો એક આપી આ સભાનું માનવંતા લાઇફ મેમ્બરનું સ્થાન મેળવી, નવા નવા સુંદર પૂર્વાચાર્યોકૃત તીર્થંકર ભગવાનો, અન્ય ઉપકારી મહાન્ પુરૂષો અને આદર્શ સતી ચરિત્રો વાંચી પોતાનું અને બીજાઓને વંચાવી સ્વપર કલ્યાણ સાધો.

અત્યાર સુધીમાં તે રીતે થયેલા પેટ્રનશ્રી અને લાઇફ મેમ્બર જૈન બંધુઓએ લગભગ ૮૦ એંશી વિવિધ કથા ચરિત્ર વગેરેના ગ્રંથો **શ્રી મહાવીરસ્વામી, શ્રી સુપાર્શ્વનાથ, શ્રી ચંદ્રપ્રભુ, શ્રી નેમનાથ, શ્રી વિમળનાથ, શ્રી મહાવીરસ્વામી,** શ્રી **આદિનાથ** ભગવંતોના બીજા મહાન પુરૂષોના અને સતી ચરિત્રો વગેરેના મળી મોટા ગ્રંથો ગમે તેટલી કિંમતનાં ( મફત ) ભેટ મેળવી જ્ઞાન, ભક્તિ કરી, આત્મ કલ્યાણ અને તેટલું સાધી સભા માટે આનંદ વ્યક્ત કર્યો છે અને તે જાણી નવા નવા તેથી અન્ય જૈનબંધુઓ લાઇફ મેમ્બર પણ થતાં જાય છે.

તે રીતે હાલ બે માસ પછી નવા બે ગ્રંથો **શ્રી સંઘપતિ ચરિત્ર** અને **શ્રી મહાવીર યુગની મહાદેવીઓ** સચિત્ર પાંચસો ઉપરાંત પાનાના ઉપર પ્રમાણે નવા થનાર લાઇફ મેમ્બરને ગ્રંથો ભેટ ( મફત ) ધારા પ્રમાણે આપવાના છે.

ટા. પા. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

467

આ સભાના માનવંતા પેટ્રન સાહેબ—



શ્રીયુત બબલચંદભાઈ કેશવલાલ મોદી-મુંબઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### આ સભાના માનવંતા પેટ્રન સાહેબ—

## શ્રીયુત બબલચંદભાઈ કેશવલાલ મોદી.

અમદાવાદ શહેર એ ગુજરાતનું પાટનગર છે. જૈનાચાર્યો, સુંદર મંદિરો અને જૈન જાહોજલાલીવડે તે જૈનપુરી પણ ગણાય છે. શ્રીમંતો, સાક્ષરો, સાહિત્યકારો, કેલવણી સંસ્થાઓવડે સરસ્વતી, લક્ષ્મીના નિવાસસ્થાન અને ઉદ્યોગ હુન્નરોવડે તે કેન્દ્ર નગર છે.

અમદાવાદ શહેરના જૈન સમાજમાં પરમ શ્રદ્ધાળુ, સાહિત્યરસિક, પ્રમાણિક અને સુપ્રસિદ્ધ શ્રીયુત કેશવલાલભાઇ પ્રેમચંદ મોદી, બી. એ. એલ.એલ, બી. ના સુપુત્ર **શ્રી બબલચંદભાઇ** છે. તેઓશ્રીનો જન્મ સને ૧૯૦૦ ના ૨૬ મી ઓક્ટોબરે થયો હતો. સદ્દગત પિતા કેશવલાલની ઇચ્છા બબલચંદભાઇને વકીલ બનાવવાની હતી પરંતુ કોલેજનું શિક્ષણ લેતાં શારીરિક સ્થિતિ બરાબર નહિં રહેવાથી અભ્યાસ છોડી દઇ વીશમે વર્ષે વ્યાપારી લાઇનમાં જોડાયા.

મુંબઇમાં પ્રથમ સાઇકલના વ્યાપારથી લાઈન શરૂ કરી. જાપાનથી દેશ પરદેશ માલ મોકલવા ઓફીસ ખોલી સાથે લોખંડનું બીઝનેસ શરૂ કર્યું. ત્યારબાદ રબ્બરનુ કારખાનું કરવા સાથે મલબાર જમીન લઇ તેનું ઉત્પાદનનું કાર્ય હાથમાં ધર્યું અને બીરલા પેઢીના સેલ્સ એડવાઇઝર તરીકે કાર્ય હાથ ધર્યું. ખેતી, વ્યાપાર અને ઉદ્યોગ ત્રણે ધંધાની કુશળતાપૂર્વક પ્રવૃત્તિ કરતા પુણ્યયોગે સંપત્તિ સારી મેળવી.

બાલપણથી પિતાએ પોતાના સહવાસ અને દરેક પ્રવૃત્તિમાં બબલચંદભાઇને સાથે રાખેલ હોવાથી તેમજ શ્રીયુત્ કેશવલાલભાઇ બાહોશ ધારાશાસ્ત્રી હતા, તેમજ સાથે તેમની ધાર્મિક વિદ્વત્તાની ખ્યાતિ લઇને તેમનો પ્રભાવ અને સુવાસ સુપ્રસિદ્ધ હતા, તેથી તેમજ વિદ્વાન મુનિરાજો તથા અન્યોના પરિચય એ વગેરે કારણોથી, બંને પ્રકારનું શિક્ષણ ઉચ્ચ સંસ્કાર, ધર્મ પ્રત્યે પરમ શ્રદ્ધા, બબલચંદભાઇને વારસામાં મળ્યા હતા, તેથી લક્ષ્મી વધતાં જ બબલચંદભાઇએ વીશ વર્ષની ઉમ્મરે પ્રથમ તરંગવતી ગ્રંથનું એડીટ કરી પ્રકાશન કર્યું. જૈનોને નોકરી અપાવવાનું તેમજ આર્થિક મદદ માટે ખાતું ખોલી કેલવણીપ્રિય સારાભાઇ કાકા સાથે જૈન વિદ્યોત્તેજક મંડળ કે જેના તરફથી પોસ્ટ ગ્રેજ્યુએટ (અભ્યાસમાં વધવા માટે નાણા અપાય છે) તેમાં શ્રી બબલચંદભાઇ છેવટે પ્રેસીડન્ટ થયા, શ્રી મહાવીર વિદ્યાલય, વિદ્યાશાળા, જૈન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એસોસીએશન ઓફ ઇન્ડીયાના સભ્ય, શ્રી મોહનલાલજી લાઇબ્રેરીના તથા શ્રી ગોડીજી મહારાજના દેરાસરના ટ્રસ્ટી, એજ્યુકેશન બોર્ડ (જૈન કોન્ફરન્સ)ના સેક્રેટરી, આનંદીલાલ પોદ્દાર હાઇસ્કુલની કમીટીમાં અને શાન્તાક્રુઝ સંઘના ટ્રસ્ટી તરીકે એ સર્વ સંસ્થાઓમાં સેવાકરી રહ્યા છે; તેમજ જૈન સંઘના ટ્રસ્ટી, વિદ્યાલય, ગુરૂકુળ, આર્ટ સ્કુલ, હાઇ-સ્કુલ, વિદ્યાર્થીઓના અભ્યાસ અને પુસ્તકો પૂરા પાડવામાં, પુસ્તકો પ્રકાશનમાં, ધાર્મિક કેલવણી, કન્યાશાળા, છાત્રાલયો, ધાર્મિક કેલવણીની સંસ્થાઓ વગેરેમાં જ્યાં જ્યાં મદદની જરૂર હોય ત્યાં ત્યાં મદદ આપી રહ્યા છે. પોતાની જ્ઞાતિમાં અમદાવાદ, મુંબઈ, મારવાડ, મેવાડ વગેરે સ્થળોએ જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં ત્યાં ઉદાર હાથે મળેલી સુકૃતની લક્ષ્મીનો સદ્વ્યય કર્યે જાય છે. આટલી બધી પ્રવૃત્તિઓ હોવા છતાં દેવપૂજા, ક્રિયાકાંડ નિયમો વગેરેનું પણ પાલન કરી સાથે આત્મકલ્યાણ પણ સાધે છે.

સામાજિક સેવામાં શારીરિક સ્વચ્છતા તથા હરિજનવાસની શુદ્ધિનો ઉપયોગ કરી રાહત આપી રહેલ છે. રીલીફ ફંડ, દુષ્કાળ નિવારણ કાર્ય, હોસ્પીટલ જૈનોની જરૂરીયાત, તાત્કાલિક મદદ માટે રોકડ રકમ અને લાગવગ વગેરે બાબતોમાં અનેક સ્થળે જાતિભેદ સિવાય આર્થિક મદદ કરવામાં પણ ચૂકતા નથી. ધાર્મિક કાર્યો જિન-મંદિરો, ઉપાશ્રય, ધર્મશાળા, પાંજરાપોળ, આયંબીલ ખાતું, ભોજનશાળા, જાનવરો છોડાવવાના જીવદયાપ્રચાર માટેના ખાતાઓને મદદમાં છૂટે હાથે લક્ષ્મીનો સદ્વ્યય કરે છે. સિવાય બીજી અનેક લોકકલ્યાણની સેવાની પ્રવૃતિમાં તન, મન અને લક્ષ્મીનો ભોગ ઉદારતાપુર્વક આપી રહ્યા છે. તેમની આટલી બધી ઉદારતાની નોંધ તો અમારો આગ્રહ છતાં તેઓની આપવાની ઇચ્છા ન હોવા છતાં માત્ર આટલી સુપ્રવૃત્તિઓ બહુજ સંકુચિતપણે આપેલી છે; પરંતુ તે દરેકેદરેક શુભ પ્રવૃત્તિઓ વિસ્તારપૂર્વક લખતાં એક જીવનચરિત્રનો મ્હોટો ગ્રંથ લખાય. મળેલી ઉપરોક્ત સેવા પ્રવૃત્તિઓ પણ અનુકરણીય હોવાથી અહિં સંક્ષિપ્તમાં આપીએ છીએ. સભા ઇચ્છે છે કે તેઓશ્રીની સેવાની વિસ્તૃત નોંધ જીવનચરિત્રરૂપે એક સાહિત્યના ગ્રંથના પ્રકાશન સાથે સભાને હવે પછી પ્રાપ્ત થાય એમ અંતઃકરણપૂર્વક સભા ઇચ્છે છે. શ્રી બબલચંદભાઇ જેવા ઉદાર, સેવાભાવી, જૈન નરરત્ન આ સભાના પેટ્રન થતાં સભાનો ગૌરવનો તે વિષય હોઇ તેથી સભાની પ્રતિષ્ઠામાં પણ વૃદ્ધિ થાય તે સ્વાભાવિક છે. શ્રી બબલચંદભાઇ દીર્ઘાયુ થઇ, સુખશાંતિ ભોગવે અને ઉદારતાપૂર્વક અનેક સેવાનાં કાર્યો કરી આત્મકલ્યાણ સાધે તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૨. | ભાદ્રપદ. | પુસ્તક ૪૪ મું.
વિક્રમ સં. ૨૦૦૨. | :: ઇ. સ. ૧૯૪૬ સપ્ટેમ્બર :: | અંક ૨ જો.

## [1]पद्मनाथ स्तुतिः ।

रचयिता मुनि पूर्णानन्दविजय ( कुमारश्रमण )

पद्मनाथं भूत्यै वन्दे ।
सर्वे देवा युष्मान्पान्तु ॥
सिद्धान्तैस्ते भूयाद्भद्रम् ।
आत्मानन्दं दद्याद् देवि ! ॥ १ ॥

---

## [2]जिनवाणी प्रशंसा ।

जैनीवाणी प्रथयतु सुखं मादृशेभ्यो जनेभ्यः,
पूर्णानन्दा जिनवरमुखे शोभमाना सदैव ।
पापासक्तैर्विनयरहितैः क्रोधमायासुबद्धै—
र्सेव्या पूज्या नहि भवति या दुर्जनैः सा सतीव ॥ २ ॥

---

૧ वीरं देवं...સ્તુતિના અનુકરણવાલી હોવાથી, ચારે વખતમાં એક જ થુઇ ચાલશે.

૨ मन्दाक्रान्ता હોવાથી बोधागाधं...આ રાગમાં બોલવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સેવા ધર્મ.

કેતે ગયે હો ખેવનહાર નૈયા ડૂબતી—એ લય.

સેવા ધર્મ છે ખાંડાની ધાર સંભાળી ચાલશો;
નહિ તો ઠોકર ખાશો ગમાર જો ન વિચારશો.—સેવા૦

વિઘ્નો વસમાં આવશે બજાવતાં આ ધર્મ,
શિર સાટે આ ધર્મ છે જાણે વિરલા મર્મ;
યોગીઓ પણ પામે ન પાર તમે કેમ પામશો.—સેવા૦

આરંભ્યું અડધું મૂકે મૂઢ જ તે કહેવાય,
યેન કેન પ્રકારથી પૂરું કરવા ચહાય;
અંતે પામે અમર સુખધામ નક્કી એ ધારશો.—સેવા૦

સેવામાં મેવા મળે દુઃખ ટળી સુખ થાય,
કાંટા મટીને ફૂલડાં ગુલાબનાં વેરાય;
પણ દેવાનાં મોંઘાં મૂલ તમે કેમ આપશો.—સેવા૦

ભારત પૂણ્યભૂમિ મહીં સંત મહંત અનંત,
સેવા ધર્મે સુયશને ફેલાવ્યો જ દિગંત;
મહાકષ્ટ વેઠ્યાં છે અપાર તમે કેમ વેઠશો.—સેવા૦

દેવો બોધ અનેક ને કામ સુંદર છે સાર,
પણ આચરણ મહીં મૂકી બતાવવું નિરધાર;
તે તો જીવ સટોસટ થાય નક્કી એ માનશો.—સેવા૦

પૂર્વજન્મનાં પૂણ્યથી લીધો આ નર દેહ,
સેવા ધર્મ સુતીર્થમાં પૂત બનાવો તેહ;
તો છોડી આ માયાજાળ પરમ પદ પામશો.—સેવા૦

રચયિતા—ગોવિંદલાલ ક. પરીખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'ભયની સીમા'

લેખકઃ—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી.

માનવી જનમે તે પહેલાં તો મોતનાં તેડાં શરૂ થઈ જાય છે; પણ ગણકારે કોણ? માનવ દેહનું મંડાણ થયું કે તરતજ પોતાના પૂર્વ જન્મના સંસ્કાર પ્રમાણે દુનિયામાં ચાલતી પ્રવૃત્તિઓમાં ભળી જાય છે. ભિન્ન ભિન્ન પ્રકૃતિવાળા જગતની રુચિ પણ ભિન્ન હોવાથી વર્તન તથા વિચાર પણ ભિન્ન જ હોય છે, છતાં વિષયાસક્ત પુદ્ગલાનંદી જગતનું ધ્યેય એકસરખું હોવાથી માનવી પ્રાયઃ તેમાં ઝંપલાય છે. આવી સ્થિતિમાં કોઇને પણ મોતનો ખ્યાલ સરખો ય હોતો નથી; મરવું છે એવું કોઇ પણ સમજતું નથી. અત્યારના જગતમાં કહેવાતા જ્ઞાની, ધ્યાની, જપી, તપી, ત્યાગી, ભોગી, છે કોઇને મોતની પરવા?

જ્યારે માનવી વૈષયિક જગતમાં મન પરોવે છે ત્યારે પોતાની સાચી જાતિને ભૂલી જાય છે એટલે તાત્ત્વિક વસ્તુને ઓળખી શકતો નથી. જન્માંતરમાં મેળવેલી કેટલીક સાચી સંપત્તિને લઇને કેવળ માનવ જીવનમાં જ ઉપયોગી વાંચી શકે, સમજી શકે, ડહાપણવાળી વાતો કરી શકે, ધન મેળવી જાણે, ખરચી જાણે, ભોગવી જાણે, તો પણ મોહના તાબે હોવાથી એક જ ધ્યેય, કષાય–વિષયમાં તલ્લીન થઈને આનંદ માનવો અને નિરંતર પૌદ્ગલિક સુખોમાં અસંતોષી રહીને વધુ ને વધુ અનુકૂળ વૈષયિક સુખો મેળવવા ચિંતાવાળા રહેવું, તેમજ મોતની પણ અવગણના કરીને અનેક જીવોના પ્રાણના ભોગે પણ ક્ષુદ્ર વાસના પોષવી. માનવી આવી જ પ્રવૃત્તિઓમાં આસક્ત બનીને ભાવી ભવમાં થવાવાળી આપત્તિ–વિપત્તિ તથા અધોગતિની જરાયે કાળજી રાખતો નથી અને અધર્મ તથા અનીતિના આશ્રય તળે હોંશથી માનવજીવન વેડફી નાંખીને છેવટે મોતનો આશ્રિત બને છે.

સંસારમાં બે જ વસ્તુઓ એવી છે કે જે ભૂલેલા માનવીની શાન ઠેકાણે લાવે છે. એક તો અસાતા (વ્યાધિ) અને અંતરાય (કંગાળીયત). આ બેમાં કંગાળીયત ધર્મ તથા પ્રભુનું સ્મરણ કરાવે છે ત્યારે વ્યાધિ મોતની યાદ દેવડાવે છે. બાકીના અદૃષ્ટ (કર્મની) શક્તિને તો મોહઘેલો માનવી ઠોકરે ચડાવે છે, પણ આ બેથી તો હતાશ, દુઃખી, દીન–કંગાળ બની જાય છે અને કષાય–વિષયની દિશા જ ભૂલી જાય છે. અંતરાય કરતાં પણ અસાતા માનવીને વધારે ભયંકર લાગે છે; કારણ કે અંતરાયથી મોતના ઓળા દેખાતા નથી. અધર્મ–અનીતિ કરીને પણ કાંઇક અંતરાયને દાબી શકે છે અને મોજશોખનું તથા જીવનનિર્વાહનું સાધન મેળવી શકે છે. પણ અસાતામાં તો આમાંનું કશુંય કામ આવતું નથી. અસાતાનો ઉગ્ર પ્રકોપ થાય છે કે તરત જ તે બધું વિસરાઇ જઇને મોતના પ્રચંડ પડછાયા દેખાવા માંડે છે.

માનવીને જીવવાને માટે તો વ્યવસાયની ખાસ જરૂરત છે. જો સુખથી જીવવાના નિર્વાહનું સાધન મળી જાય તો પછી કામ–ક્રોધ તથા મોહની સલાહ માનવાની જરાય જરૂરત નથી, પણ શાંતિ–સંતોષ તથા સમતાના આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રયમાં રહીને માનવ જીવનની સહાયતાથી મોતને જડમૂળથી ઉખેડી નાંખવાને પ્રયત્ન કરવાની અત્યંત આવશ્યકતા છે; પરંતુ ભાગ્યે જ કોઇક જ તેમ કરવા દોરાય છે, ધ્યાન આપે છે. કેટલાકને શાંતિ-સંતોષ આદિના આશ્રયમાં રહેવાની ઇચ્છા થાય છે પણ કામ-ક્રોધાદિનો અનાદિ કાળનો સંબંધ છોડી શકતા નથી. તોયે સાચું સુખ-આનંદ તથા જીવન મેળવવા મહાપુરુષોની જીવનકથા સાંભળીને તેમને પગલે ચાલવા ઘણું ચહાય છે અને તેમણે આદરીને બતાવેલા આચાર-વિચારો પ્રમાણે વર્તવા પ્રેરાય છે છતાં કામ-ક્રોધાદિની શીખ-વણી ઉપર દઢ શ્રદ્ધા હોવાથી અંતરવૃત્તિથી મહાપુરુષોની આચરણાનો આદર કરી શકતા નથી જેથી સાચી વસ્તુથી વંચિત રહીને મોતના ભયથી મુકાતા નથી. મોહનો આશ્રિત વિલાસી માનવી મોતને હસી કાઢીને અનેક પ્રકારના વિલાસમાં મગ્ન રહે છે. ધન, આરોગ્યતા, યુવાવસ્થા અને સ્વચ્છંદતાનો સાથી બિનસંસ્કારી પ્રભુની પ્રભુતાની કદર કરી શકતો નથી, તેના માટે પુન્ય-પાપ જેવી કોઇ વસ્તુ જ હોતી નથી તેમ જ મોતને વિસારે પાડેલું હોવાથી જીવ માત્રને જીવવું ગમે છે તેનું ભાન પણ હોતું નથી. જે પોતાના વિલાસ માટે બીજા જીવોની પીડાને જરાય ગણતો નથી તે પાંચે ઇંદ્રિયોના વિષય પોષી પોતે માનેલો આનંદ તથા સુખ મેળવવાને બીજા અનેક જીવોના પ્રાણ જતા હોય તો તેની લેશ માત્ર પણ પરવા કરતો નથી; પણ જે વખતે વિલાસી મોતને ભૂલાવીને મોજ માણતો હોય છે ત્યારે ક્રૂર દૃષ્ટિથી તેની સામે એકી ટસે જોઇ રહેલું હોય છે છતાં દુઃખ તથા શોક-ગર્ભિત સુખ અને આનંદમાં મજા-વિલાસથી વિરામ પામીને મોતની ક્રૂર કનડગત માટે કાંઇ પણ ઉપાય કરતો નથી; પણ જ્યારે મોત માથા ઉપર આવીને ઊભું રહે છે ત્યારે વિલાસીની અત્યંત દીન અવસ્થા થઇ જાય છે, તે દયામણે મોઢે જીવનની યાચના કરે છે અને વિલાસને બદલે સર્વ પ્રકારે પોતાનો વિનાશ જ જુએ છે, પરંતુ મોતની અવગણના કરેલી હોવાથી ક્રૂર કૃતાંત આવા વિલાસીયોને અસહ્ય દુઃખ દેખાડીને બળાત્કારે પ્રાણ રહિત કરે છે.

એમ તો સંસારમાં મોતને કોઇ પણ ભૂલ્યું નથી, બધાય જાણે છે કે અમારે ચોક્કસ મરવું છે; મરવાની શંકા થતાં જ તેનાથી બચવાને માટે અનેક પ્રકારના પ્રયાસ કરવામાં આવે છે; છતાં ક્યારે મરવું છે તેની કોઇને પણ ખરી ખાતરી નથી. જગતમાં પોણોસો અને સો સો વરસની ઉંમરના માનવીઓને નાની વયવાળા જ્યારે હયાત-જીવતા જુએ છે ત્યારે તેઓ એમ માને છે કે અમે હજી તો નાની વયના છીએ એટલે હમણાં અમારે મરવું નથી. આ પ્રમાણે તેમની માન્યતા હોવાથી મોતને ભૂલી જઇને તેઓ મોજશોખમાં પડી જાય છે જેથી તેમને બીજા જીવોના મરવાની જરાય કાળજી હોતી નથી, અધર્મ તથા અનીતિના ઉપાસક બની જાય છે; કેટલાક ધન-સંપત્તિથી સુખી મોટી ઉંમરના હોવા છતાં પણ અજ્ઞાન-વાસિત વિષયાસક્તિને લઇને માથા ઉપર આવીને ઊભેલા મોતને જોઇ શકતા નથી. પરંતુ આ બધાય ભૂલે છે કારણ કે મોતને ઉંમર કે વખતનો પ્રતિબંધ નથી, ગમે ત્યારે અને ગમે તેવી વયમાં આવી શકે છે. બાળ, યુવા કે વૃદ્ધ હોય, મોતને માટે કોઇ પણ અસ્પૃશ્ય નથી તેમજ રાત્રિદિવસ તથા ઘરમાં હોય કે બહાર હોય કોઇ પણ સમય કે સ્થળના માટે સંકોચ અથવા તો અનવકાશ નથી. આ વાત સહુ કોઇ જાણે છે અને અનુભવે પણ છે. બાળથી માંડીને વૃદ્ધાવસ્થા સુધીના માનવીયોએ વયના પ્રમાણમાં આવા પ્રસંગો જોયા છે-જાણ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે બીજાના મૃત્યુના પ્રસંગો ઉપસ્થિત થાય છે ત્યારે માનવીઓના જીવનપ્રવાહ ઉપર મોતનો આછો પછડાયો પડવાથી તેમના મન ઉપર શોકનું વાદળ ચઢી આવે છે પણ વિષયાસક્તિના ફૂંકાતા ગાઢ પવનથી તે વાદળ વિખરાઇ જાય છે કે તરત જ મોતનું વિસ્મરણ થઇ જાય છે અને નિઃશંકપણે વાસના પોષવામાં લીન બની જાય છે. તેને જ્યારે મોત તેડવા આવે છે ત્યારે થથરી ઉઠે છે અને બેશુદ્ધપણાનો ડોળ કરે છે તોયે મોત તેને ઉપાડીને ચાલતું થાય છે.

મોતને ભૂલ્યા સિવાય માણુસ કાંઇ પણ કરી શકે નહિં. ધન કમાવું, સંબંધીઓની સારસંભાળ લેવી, માતા-પિતા-સ્ત્રી-પુત્ર આદિનું પાલન કરવું, વ્યવહાર જાળવવા સમય અને ધનનો ઉપયોગ કરવો, પરોણાઓનું સ્વાગત કરવું, અતિથિસત્કાર કરવો વિગેરે ગૃહસ્થ ધર્મનું પાલન કરવાને માટે મોતને ભૂલવું પડે છે. જો મોતને દૃષ્ટિ સન્મુખ રાખે તો આમાંનું કશુંય બને નહિં, તોયે નીતિપૂર્વક વર્તવાને માટે મોતની કાંઇક પ્રેરણા રહ્યા કરે છે; છતાં વિલાસી માણસો તેનો તિરસ્કાર કરીને અધર્મ તથા અનીતિના આશ્રય નીચે રહીને નિઃશંકપણે નિર્દયતામય જીવન બનાવે છે, તેમની સાથે મોત છેવટમાં ઘણી જ સખતાઇથી વર્તે છે.

સાચી અખંડ જીવન જ્યોતિને ઓળખનાર આત્મશ્રદ્ધાળુને નિરંતર મોતનું સ્મરણ હોય છે તોયે તેને તેનો જરાય ભય હોતો નથી; કારણ કે તે જાણે છે કે મોતથી આત્માના જ્ઞાનાદિ ગુણોનું કાંઈ પણ નુકશાન થતું નથી. આયુષ્ય કર્મ ક્ષય થવાથી આત્મા તથા દેહના સંયોગના વિયોગ સિવાય મોત જેવી કોઇ તાત્ત્વિક વસ્તુ નથી. આ પ્રમાણેની તેની દૃઢ શ્રદ્ધા હોવાથી મોત સાંભરવા છતાં પણ તે બ્હીએ નહિં; પરંતુ જન્મ મરણથી આત્મા ઘેરાયલો હોવાથી અનંત જ્ઞાનાદિ પોતાના ગુણોનો શુદ્ધતાપૂર્વક સંપૂર્ણપણે ઉપયોગ કરી શકતો નથી માટે જન્મ-મરણના કારણભૂત કર્મોથી શુદ્ધ થવાને માનવદેહ તથા જીવન અદ્વિતીય સાધન હોવાથી મોતથી તેનો બચાવ કરવાને કાળજી રાખે છે અને આત્મશુદ્ધિ અપૂર્ણ રહી જવાના ભયથી મોતથી શંકિત રહે છે. કદાચ માનવજીવનમાં આત્મવિકાસ સાધતાં અપૂર્ણતા રહી ગઇ હોય અને મૃત્યુ આવીને ઊભું રહે તો પછી તેનો જરાય ભય રાખ્યા વગર દેહ છોડવાને પોતે તૈયાર થઇ જાય છે; કારણ કે તેને પૂર્ણ શ્રદ્ધા હોય છે કે મેં માનવજીવનને આત્મવિકાસ માટે વાપરીને તેની કદર કરી છે એટલે મને માનવજીવન ફરીને ચોક્કસ મળશે જ અને હું વધુ પ્રમાણમાં આત્મવિકાસ કરી શકીશ. આવા જીવનની કદર કરી વિકાસ સાધનારને મોત કોઇ પણ પ્રકારની કનડગત કર્યા સિવાય શાંતિપૂર્વક દેહ છોડવા દે છે; પણ વિષયાસક્ત પામર પ્રાણી કષાય-વિષયમાં જીવનને વેડફી નાંખી ઉત્તમ માનવ જીવનની અવગણના કરનારને તથા મોતનું નામ સાંભળવા માત્રથી પણ અત્યંત ભય, ત્રાસ, દુઃખ અને ઉદ્વેગ અનુભવનારને છેવટે મોત આવીને અનિચ્છાયે પણ તેનો પ્રાણ હરી લે છે.

કેટલાક અણજાણ માનવી માને છે કે, એક દિવસ મોત આવશે; પણ મોત જગતના એક ખૂણે પડેલું નથી. સંસારમાં એવું કોઇ સ્થળ નથી કે જ્યાં મોત નથી. આખાય સંસારમાં વ્યાપ્ત થઇને રહેલું છે, અને તે દરેક વસ્તુના પડછાયાસ્વરૂપ છે. જેનો પડછાયો પડે છે-પછી તે જડ હો કે ચૈતન્ય-તે બધીય વસ્તુ મોતને તાબે છે. જેનો પડછાયો નથી તે મોતને તાબે નથી, અર્થાત્ અરૂપી વસ્તુ મોતથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુક્ત છે કારણ કે તેનો ઓળો પડતો નથી. રૂપી વસ્તુનો પડછાયો પડે છે માટે તે મોત ગ્રસ્ત છે. માનવીનો પડછાયો તેની સાથે જ રહે છે અને તે જ મોત સ્વરૂપ હોવાથી તેને બીજે કયાંયથી પણ આવવા જેવું રહેતું નથી અને એટલા માટે જ મોતને સ્થળ કે વયનો નિયમ નથી. ભલે માનવી માની લે કે મોત આવશે ત્યારે જોઇ લઇશું. હાલમાં તો મળેલી ધન સંપત્તિ તથા યુવાવસ્થાને મોજશોખ કરીને સફળ કરી લઇયે. અથવા તો અધર્મ તથા અનીતિ કરીને શ્રીમંતાઈનું માન મેળવી લઇયે. પણ તેમણે વિશ્વાસપૂર્વક સમજી લેવું જોઇયે કે અધર્મ તથા અનીતિ કરીને મોજ-શોખ માટે તથા શ્રીમંતાઈનું માન મેળવવાને માટે ધન મેળવતી વખતે મોતનો જે તિરસ્કાર કરવામાં આવે છે તેને મોત સાંખી શકવાનું નથી, તે માનવીની પાસે જ રહેલું હોવાથી તેના વિચાર તથા વર્તનને સારી રીતે જાણે છે એટલે માનવી ઉપર કોઇ પણ પ્રકારનું આળ ચઢાવીને કોઈ પણ બહાને તેને તીવ્ર દુઃખદાઇ ગતિમાં ધકેલી દે છે; માટે અધર્મ તથા અનીતિ કરતી વખતે પોતાની સાથેની નિરંતરની મોતની હાજરી ધ્યાનમાં રાખવાની અત્યંત આવશ્યકતા છે. તેમ જ મોજશોખ માટે બીજા જીવોના પ્રાણોથી મોતને પોષવાથી તે સબળ બની છેવટે અસહ્ય પીડા આપે છે અને અનેક જન્મ સુધી પણ પીછો છોડતું નથી; માટે જીવોના પ્રાણ ન આપવાની પ્રતિજ્ઞા કરીને મોતને નિર્બળ બનાવવા ચૂકવું નહિં.

આ પ્રમાણે સંસારમાં જેટલા ભયો છે તેની સીમા મોત છે. એનાથી આગળ વધીને ભયને અવકાશ નથી; કારણ કે મોતથી વધારે ભયાનક સંસારમાં કોઇ વસ્તુ જ નથી. સાધારણ માંદગીને તો માણસો કાંઇ પણ હિસાબમાં ગણતા નથી, પણ જ્યારે મંદવાડ વધી પડે છે ત્યારે ધનના ભોગે પણ રોગ મટાડવા પ્રયાસ કરે છે. તે રોગ મટાડવાના હેતુથી નહિં પણ મરવાના ભયથી કરે છે. જો કોઈ નિષ્ણાત વૈદ ન મરવાની ખરી ખાતરી આપે તો કેટલાક કંજુસ માણસો દવા કરાવતા નથી. બીજા બધા ભયોથી મૂકાવાને માટે તો અનેક પ્રકારના ઉપાયો છે, અને તે દ્વારા ઘણા માણસો ભયથી મુક્ત થાય છે; પણ મોતનો ભય ટાળવાને માટે કોઇ પણ ઉપાય નથી, છતાં જે ઉપાયો છે તેને વિષયાસક્ત કરી શકતા નથી; કારણ કે મોતને જીતનાર મહાપુરુષોના વિચાર તથા વર્તનને આવકાર આપતાં હીન સત્વવાળા અચકાય છે; કારણ કે મોતને જીતવામાં મહાપુરુષોએ ત્યાગને પ્રધાનતા આપી છે, જેને અનાદિ કાળથી ભોગના સંસ્કારવાળા જીવો મોતથી બ્હીવા છતાં પણ ભોગનો ત્યાગ કરીને ત્યાગનો માર્ગ અંગીકાર કરી શકતા નથી જેથી કરીને મોતની ક્રૂર કનડગતથી મૂકાતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરિગ્રહમીમાંસા.

લેખકઃ—મુનિશ્રી ધુરંધરવિજયજી.

( ગત વર્ષના અંક ૧૧ના પૃષ્ઠ ૨૦૧થી ચાલુ. )

**( ' વસ્ત્ર ધારણ કરવું એ પણ પરિગ્રહ છે ' એવી દિગમ્બર માન્યતાનો નિરાસ કરતી શ્રી ઉત્તરાધ્યયન-બૃહદ્દવૃત્તિને અનુસારી વિશદ વિચારણા. )**

[ પૂર્વાનુસંધાન—શ્વેતામ્બર-દિગમ્બરની ચાલુ ચર્ચામાં વસ્ત્ર-પાત્ર રાખવાથી શું દોષ છે ? એ પ્રશ્નના ઉત્તરમાં દિગમ્બરે પંચમ વ્રતનો વિનાશ થાય, સંસક્તિ થાય, ને કષાય વધે એમ ત્રણ દોષો દર્શાવ્યા છે. તેમાં પરિગ્રહવિરમણવ્રત કેવી રીતે થાય છે ? તેનો વિચાર ચાલતાં અનેક રીતે તેનું ખંડન-મંડન પૂર્વે થયેલ છે. હવે આગળ તે ચર્ચા નીચે પ્રમાણે ચાલે છે. ]

( ૩ )

**શ્વેતામ્બર-વસ્ત્ર-**પાત્ર એ પરિગ્રહ નથી. પરિગ્રહ એ મમત્વબુદ્ધિરૂપ છે-મૂર્ચ્છારૂપ છે. જે માટે કહ્યું છે કે—

**न सो परिग्गहो वुत्तो, णायपुत्तेण ताइणा ।**
**मुच्छा परिग्गहो वुत्तो, णायपुत्तेण ताइणा ॥**

માટે એ નિશ્ચિત છે કે, પરિગ્રહ તો મૂર્ચ્છા જ છે. હવે એ મૂર્ચ્છા જો વસ્ત્ર-પાત્ર રાખવા માત્રથી-ધારણ કરવા માત્રથી થઇ જતી હોય તો કંઇ પણ નહિં રાખતા, પ્રતિમા વહન કરતા મુનિના શરીર ઉપર શરદીના સમયમાં, શિયાળામાં કોઇ ભક્ત વસ્ત્ર-કામળ નાખે, તો તે પણ તેમને પરિગ્રહ થઈ જશે. મુનિ પ્રતિમાપન્ન છે એટલે તે દૂર કરી શકે તેમ નથી, માટે કેવળ વસ્ત્ર-પાત્ર ધારણ કરવા એને પરિગ્રહ કહી શકાય નહિં.

**દિગમ્બર-**કોઇ એમ ને એમ નાખી જાય એને અમે પરિગ્રહ માનતા નથી. અમે તો જાતે ગ્રહણ કરી પોતાના જ ઉપયોગ માટે રાખવામાં આવે છે તેને પરિગ્રહ માનીએ છીએ.

**શ્વેતા૦-**જો જાતે ગ્રહણ કરી રાખવું એને પરિગ્રહ માનતા હો તો તમે કુંડી-કમણ્ડલુ-મોરપિચ્છ વગેરે એમ ને એમ રાખો છો કે જાતે સ્વીકારીને રાખો છો ?

**દિગ૦-**તે યતનાના કારણ હોવાથી તેનું અમે સ્વયં ગ્રહણ કરીએ છીએ.

**શ્વેતા૦-**જો તે સર્વ જાતે ગ્રહણ કરો છો તો તે પણ તમને પરિગ્રહરૂપ થશે.

**દિગ૦-**અમને તેમાં મૂર્ચ્છા થતી નથી માટે તે પરિગ્રહરૂપ નથી. બીજું તે તે પદાર્થો એટલા સુલભ અને તુચ્છ છે કે તેમાં મૂર્ચ્છા થવા જેવું કાંઈ છે જ નહિં.

**શ્વેતા૦-**મૂર્ચ્છા એ અભ્યન્તર વસ્તુ છે. તે બહારના પદાર્થની કિંમત ઉપર આધાર રાખે છે એવું નથી. એક દરિદ્ર-મહામોહવાળાને પોતાની કુટલી હાંડલી ઉપર જે મૂર્ચ્છા હોય છે તેવી મૂર્ચ્છા, મહાઋદ્ધિના સ્વામી નિર્મોહી ચક્રવર્તીને પણ હોતી નથી; માટે જે પ્રમાણે યતના માટે કુંડી-કમણ્ડલુ-મોરપિચ્છ વગેરે રાખો છો ને મૂર્ચ્છા માનતા નથી, તે જ પ્રમાણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંયમની રક્ષા માટે મૂર્ચ્છા વગર ગ્રહણ કરાતા વસ્ત્ર-પાત્ર વગેરેમાં પણ દોષ નથી, ને તેને પરિગ્રહ માનવામાં કાંઇ પણ પ્રમાણ નથી એમ માનો.

સંયમ અને લજ્જાના રક્ષણ માટે મુનિઓ વસ્ત્ર-પાત્ર-કંબલ-પાદપુંછન વગેરે જે કાંઈ ઉપયોગમાં આવે તેને સ્વીકારે છે ને ન કામ હોય ત્યારે ત્યજી દે છે, તેમાં સહજ પણ મમત્વ-મૂર્ચ્છા ધારણ કરતા નથી. જે માટે કહ્યું છે કે—

**'जं पि वत्थं व पायं वा, कंबलं पायपुंछणं ।**
**तं पि संजमलज्जट्ठा, धरंति परिहरंति य ॥'**

* * *

**દિગ૦**–અસ્તુ. વસ્ત્ર-પાત્રમાં મૂર્ચ્છા ન હોય તો તેને પરિગ્રહપણું ન હો તોપણ તે રાખવાથી તેમાં સંસક્તિ થાય છે. અર્થાત્ વસ્ત્ર વગેરેમાં કાળક્રમે અનેક નાના-મોટા જીવ-જન્તુઓ જન્મે છે. છેવટ ઉપકરણ એ પણ એક જાતનું અધિકરણ બની જાય છે, ને અનર્થની પરમ્પરાનું કારણ થાય છે. અમે કુંડી, કમણ્ડલુ વગેરે રાખીએ છીએ તેમાં તેમ બનતું નથી.

**શ્વેતા૦**–વસ્ત્ર વગેરેમાં જીવ-જન્તુઓ ભવિષ્યમાં ઉત્પન્ન થશે એમ ધારી તેનો ત્યાગ કરતા હો તો આહાર આદિમાં તેની સંભાવના વિશેષ છે. સહજ પણ કાળક્રમ થાય કે તરતજ આહાર વગેરેમાં કૃમિ-વગેરે બેઇન્દ્રિય જીવો ઉત્પન્ન થઈ જાય છે, તે પ્રત્યક્ષ સિદ્ધ છે; માટે તેનો પણ ત્યાગ કરવો જોઇએ.

**દિગ૦**–આહાર જીવનું ઉત્પત્તિસ્થાન બને પણ યતના-ઉપયોગપૂર્વક જરૂર પૂરતો જ ગ્રહણ કરવામાં તેમ બનતું નથી માટે તેમાં દોષ નથી.

**શ્વેતા૦**–તો તે જ પ્રમાણે ઉપયોગ સાચવવાપૂર્વક યતનાથી ખપપૂરતાં વસ્ત્ર-પાત્ર ગ્રહણ કરવામાં દોષ નથી, એમ માનવું એ જ યુક્ત છે.

(૪)

**દિગ૦**–વસ્ત્ર-પાત્ર વગેરે જયણાપૂર્વક ધારણ કરવાથી સંસક્તિ ન થાય તોપણ તેથી કષાયવૃદ્ધિ તો અવશ્ય થાય છે માટે તે ત્યાગ કરવા યોગ્ય છે.

**શ્વેતા૦**–વસ્ત્ર વગેરે કષાયને વધારે છે એમ માનો છો તો તે કોના કષાયને વધારે છે? ધારણ કરનારના કે ધારણ કરનારને નીરખી અન્યના?

**દિગ૦**–પ્રથમ તો ધારણ કરનારના જ કષાય વધે છે. વસ્ત્ર રાખતા ધીરે ધીરે સારા-મૂલ્યવાન્ વસ્ત્ર ગ્રહણ કરવાનો લોભ જાગે છે. તે વસ્ત્રાદિ કોઈ બગાડે તો તેના ઉપર ક્રોધ થાય છે. લોભ ને ક્રોધને આશ્રયી માન-માયા પણ જન્મે છે એટલે વસ્ત્રાદિ ચારે કષાયનું કારણ બને છે.

**શ્વેતા૦**–એ રીતે કષાયનું કારણ માની તેનો ત્યાગ જો કરતા હો તે જ પ્રમાણે શ્રુત-જ્ઞાન-અભ્યાસ-અધ્યયન વગેરે પણ ન કરવા જોઇએ. જ્ઞાનથી પણ કેટલાએકને અહંકાર-માન જન્મે છે. ભણેલાને કોઇ અબહુમાનથી બોલાવે તો તેને માનહાનિ લાગશે ને તે ચીડાઇ જશે-ક્રોધ કરશે. નવા નવા શાસ્ત્રોનો લોભ તો તેને માટે અનિવાર્ય બનશે. માયા તો તેના જેવી બીજાને આવડે જ નહિં. એ જ પ્રમાણે તપ પણ કષાયમાં નિમિત્ત થશે, માટે તે સર્વનો ત્યાગ કરવો.

**દિગ૦**–તમારું કહેવું યથાર્થ છે. જ્ઞાન વગેરે કેટલાએકને અભિમાન કરાવતા હશે? પણ વિવેકી આત્માઓને તેમ બનતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓનો અહંકાર તો જેમ જેમ તેઓ વિશેષ જાણતા જાય છે તેમ તેમ ઘટતો જાય છે. બીજું **'नाणं पहाणं' 'नाणं पयासगं' 'पढमं नाणं तओ दया'** વગેરે વચનો જ્ઞાનના પ્રવર્તક છે. જ્ઞાન વગર ધર્મારાધન યથાર્થ થઈ શકતું નથી. માટે તેનો ત્યાગ કરાય જ નહિં. તે તો સર્વદા સ્વીકાર્ય જ છે. વસ્ત્ર માટે તેમ નથી એટલે તેને તે તે દોષનું નિમિત્ત માની ત્યજવું જોઈએ.

**શ્વેતા૦–**

**यदा किञ्चिज्ज्ञोऽहं द्विप इव मदान्धः समभवं,**
**तदा सर्वज्ञोऽस्मीत्यभवदवलिप्तं मम मनः ॥**
**यदा किञ्चित् किञ्चिद्बुधजनसकाशादवगतं,**
**तदा मूर्खोऽस्मीति ज्वर इव मदो मे व्यपगतः ॥**

(જ્યારે હું અલ્પજ્ઞ હતો–કાંઈક જ જાણતો હતો ત્યારે હાથીની માફક મદાન્ધ હતો, ત્યારે મારું મન 'હું સર્વજ્ઞ છું' એવા અભિમાનથી ભરેલું હતું. (પણ) જ્યારે વિદ્વાનો–જ્ઞાનીઓ પાસેથી કાંઈક કાંઈક જાણ્યું ત્યારે હું મૂર્ખ છું એમ થયું ને તાવની જેમ મારો અહંકાર–મદ ચાલ્યો ગયો.)

એ ભર્તૃહરીના કથન પ્રમાણે જો જ્ઞાન વિવેકીઓને અહંકારનું કારણ ન બનતાં અહંકારને ઓછું કરતું હોય તો વસ્ત્ર વગેરે પણ વિવેકીઓને લોભ-ક્રોધના કારણ બનતા નથી. કેવળ સંયમમાં સહાય કરી ગુણપ્રાપ્તિમાં નિમિત્ત બને છે. મૂર્ખાઓને હિતના સાધનો પણ અહિતને માટે થાય છે, અને વિવેકીઓને અહિતના સાધનો પણ હિતને માટે થાય છે. વસ્ત્ર વગેરે ધર્મમાં ઉપકારી, સંયમ અને લજ્જાના રક્ષક હિતના સાધન છે. કોઈ મૂર્ખાઓને તેથી અહિત થયા હોય ને તે કારણે તે સર્વથા ત્યાજ્ય છે એમ માનવું–ધર્મમાં બાધક માનવું એ મૂર્ખતા છે.

દિગ૦–જ્ઞાન અને વસ્ત્ર બન્નેને તમે સમાન રીતે ધર્મમાં ઉપકારી ગણાવી તે બન્નેમાં સરખી આદરણીયતા જણાવો છો તે યથાર્થ નથી. જ્ઞાન સિવાય ધર્મસાધના થઈ શકતી નથી અને વસ્ત્ર વગર થઈ શકે છે, તે પ્રત્યક્ષ સિદ્ધ છે, માટે વસ્ત્ર ધર્મસાધનમાં ઉપયોગી નથી.

શ્વેતા૦–ધર્મસાધનામાં વસ્ત્ર ઉપકારી નથી, એ તમે શાથી કહો છો ?

દિગ૦–ધર્મના ઉત્કૃષ્ટ સાધક તીર્થંકર ભગવંતો છે. તેઓ ચીવર–વસ્ત્ર ધારણ કરતા નથી. જો વસ્ત્ર ધર્મમાં ઉપકારી હોત તો તેઓશ્રીએ અવશ્ય સ્વીકાર્યું હોત. તેઓએ નથી સ્વીકાર્યું માટે તે ધર્મમાં ઉપયોગી નથી.

શ્વેતા૦–પૂજ્ય તીર્થંકર પરમાત્માઓ વસ્ત્ર ધારણ નથી કરતા તે શાથી કહો છો ?

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તત્ત્વસાર.

મુનિશ્રી પુણ્યવિજયજી ( સંવિજ્ઞપાક્ષિક ).

( સદરહુ 'તત્ત્વસાર' નામનો દ્વિતીય પ્રસ્તાવ 'યોગસાર' નામક ગ્રન્થમાંથી લઈને તથાપ્રકારના ભવ્ય જીવોને સમજવા યોગ્ય ઉપયોગી ધારી આપવામાં આવેલ છે. એમાં યથાનામા તત્ત્વનો સાર શું ? એ બહુ વિશદ રીતે નિરૂપણુ કરેલું જોઇ શકાય છે. )

**सर्वेऽपि सांप्रतं लोकाः प्रायस्तत्त्वपराङ्मुखाः।**
**क्लिश्यन्ते स्वाग्रहग्रस्ता दृष्टिरागेण मोहिताः॥**

આજકાલ સર્વ જીવો પ્રાય: તત્ત્વથી પરાઙ્મુખ, કદાગ્રહથી ભરેલા અને દૃષ્ટિરાગ ( પોતપોતાના મતની અંધશ્રદ્ધા ) થી મોહિત થયેલા જોવામાં આવે છે. ૧.

**दृष्टिरागो महामोहो दृष्टिरागो महाभवः।**
**दृष्टिरागो महामारो दृष्टिरागो महाज्वरः॥२॥**

દૃષ્ટિરાગ એ એક પ્રકારનો મહાન્ મોહ છે, દૃષ્ટિરાગ એ સંસારનું મુખ્ય કારણ છે, દૃષ્ટિરાગ એ એક પ્રકારનો વિષમ જ્વર છે, ટૂંકમાં દૃષ્ટિરાગ એ સત્યાનાશ કરનારી વસ્તુ છે. ૨.

**पतितव्यं जनैः सर्वैः प्रायः कालानुभावतः।**
**पापो मत्सरहेतुस्तद् निर्मितोऽसौ सतामपि॥**

કાલના પ્રભાવથી પ્રાય: સર્વ જીવોનું–સારા અને ખરાબ દરેકનું પતન થવું જોઇએ, તેથી સજ્જન માણસોના મનમાં પણ માત્સર્ય ઉત્પન્ન કરનાર દુષ્ટ દૃષ્ટિરાગની સૃષ્ટિ થયેલી હોય એમ લાગે છે. ૩.

**मोहोपहतचित्तास्ते मैत्र्यादिभिरसंस्कृताः।**
**स्वयं नष्टा जनं मुग्धं नाशयन्ति च धिग् हहा॥**

ધિક્કાર છે તેઓને કે જેઓનું ચિત્ત દૃષ્ટિરાગથી આહત થયેલું હોય છે અને જેઓ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને ઉપેક્ષા એમ ચાર ઉત્તમ ભાવનાના ઉત્તમ સંસ્કારથી વંચિત હોઇને સ્વય નાશ પામે છે અને બીજા ભોળા માણસોનો પણ નાશ કરે છે. ૪.

**परे हितमतिर्मैत्री मुदिता गुणमोदनम्।**
**उपेक्षा दोषमाध्यस्थ्यं करुणा दुःखमोक्षधीः॥**

અન્ય જીવના હિતની ઇચ્છા કરવી તે મૈત્રી, બીજાના ગુણોનું અનુમોદન કરવું તે પ્રમોદ, અન્યનાં દોષો તરફ મધ્યસ્થતા રાખવી તે ઉપેક્ષા અને બીજા જીવોના દુ:ખનો છૂટકારો કરવાની બુદ્ધિ તે કરુણા છે. ૫.

**मैत्री निखिलसत्त्वेषु प्रमोदो गुणशालिषु।**
**माध्यस्थमविनयेषु करुणा सर्वदेहिषु॥६॥**
**धर्मकल्पद्रुमस्यैता मूलं मैत्र्यादिभावनाः।**
**यैर्न ज्ञाता न चाभ्यस्ता स तेषामतिदुर्लभः॥७॥**

સર્વ જીવો તરફ મૈત્રી, ગુણીજનો તરફ આનંદ, વિપરીત વૃત્તિ ધારણ કરનાર તરફ ઉપેક્ષા અને સર્વ જીવો ઉપર કરુણા એમ આ ચાર ભાવનાઓ ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂલ છે. જેઓ આ ચાર ભાવનાને જાણતા નથી અને જેઓએ તેનો અભ્યાસ કર્યો નથી તેઓને ધર્મ પ્રાપ્ત થવો તે અત્યન્ત કઠિન છે. ૬-૭.

**अहो विचित्रं मोहान्ध्यं तदन्धैरिह यज्जनैः।**
**दोषा असन्तो वीक्ष्यन्ते परे, सन्तोऽपि नात्मनि॥**

ખરેખર મોહરૂપ અંધકાર એવો વિચિત્ર છે કે તેથી અંધ થયેલા માણસો બીજાના અછતા દોષોને જુએ છે અને પોતાના છતા દોષોને પણ જોઇ શકતા નથી. ૮.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સૂક્ત–મુક્તાવલિઃ

સંગ્રાહક–**મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ**

૧. નિર્દોષ ગોચરી અને નિરન્તર સ્વાધ્યાય એ ચરણ–કરણસિત્તરીનો સાર છે. એમાં કંટાળતો મુનિ મંદ સંવેગી છે અને ઉદ્યમવન્ત તીવ્ર સંવેગી જાણવો.

૨. **जे आसवा ते परिसवा—**

પાપબંધ કરાવનાર જે કંચન–કામિની તે વિરાગીને વિરાગ પમાડનારરૂપ બની કર્મ નિર્જરા કરાવે છે.

૩. હે સાધુઓ ! જો ગૃહસ્થ એવો કામદેવ પણ ઉપસર્ગો સહી શકે છે તો પછી જિનાગમ પામેલા એવા મુનિઓને તો તે શકય જ છે.

૪. જેણે દીક્ષા લેવી હોય તેને કૃષ્ણ મહારાજા મહોત્સવપૂર્વક દીક્ષા અપાવે છે, અને પાછલની ચિન્તા પણ ઉઠાવી લે છે.

૫. આચારધર્મથી પરવારેલા વેષધારીઓ–ઊગતી પ્રજાના ધર્મસત્તાના મૂળમાં અંગારા મૂકનારા છે.

૬. જયણા જાળવો. જયણા એ ધર્મની જનેતા છે અને ધર્મનું પાલન કરનારી છે. દાન, શિયલ અને તપનો અલંકાર પણ જયણા જ છે.

૭. કુશીલ નામના કુગુરુઓ શરીરના જંઘા આદિ ઘસીને સુંવાળા રાખે છે.

૮. વૈરાગ્યના શત્રુ એ, વીતરાગ દેવના–

---

**मदीयं दर्शनं मुख्यं पाखण्डान्यपराणि तु ।**
**मदीय आगमः सारः परकीयास्त्वसारकाः ॥९॥**
**तात्त्विका वयमेवान्ये भ्रान्ताः सर्वेऽप्यतात्त्विकाः।**
**इति मत्सरिणो दूरोत्सारितास्तत्त्वसारतः ॥१०॥**

અમારું દર્શન, અમારો ધર્મ એ જ ખરો છે, બીજાનાં મતો બધાં પાખંડો છે, અમારું શાસ્ત્ર એ જ સાર છે, અને બીજાનાં શાસ્ત્ર નિઃસાર છે, અમો જ ખરા તત્ત્વજ્ઞાની છીએ, બીજા સર્વ અતાત્ત્વિક–ભ્રાન્ત છે; એમ માનનારા કેવલ મત્સરી છે, અને તેઓ તત્ત્વજ્ઞાનથી ઘણા જ દૂર છે. ૯–૧૦.

**यथाऽऽहतानि भाण्डानि विनश्यन्ति परस्परम् ।**
**तथा मत्सरिणोऽन्योन्यं हि दोषग्रहणाद्धताः ॥**

જેવી રીતે હાંલ્લાંઓ આપસમાં અથડાવાથી નાશ પામે છે, તેમ મત્સરી જીવો પણ એક બીજાના દોષો ગ્રહણ કરવામાં જ લીન હોવાથી નાશ પામે છે. ૧૧.

**परं पतन्तं पश्यन्ति न तु स्वं मोहमोहिताः ।**
**कुर्वन्तः परदोषाणां ग्रहणं भवकारणम् ॥ १२॥**

મોહથી અંધ બનેલા જીવો બીજાને પડતા જુએ છે, પણ પોતાના અધઃપતનને જોઇ શકતા નથી. અન્યના દોષો જોવા તે સંસારવૃદ્ધિનું જ કારણ છે. ૧૨.

**यथा परस्य पश्यन्ति दोषान् यद्यात्मनस्तथा ।**
**सैवाजरामरत्वाय रससिद्धिस्तदा नृणाम् ॥१३॥**

જેવી રીતે માણસો બીજાના દોષોને જુએ છે તેવી જ રીતે જો પોતાના દોષોને જુએ તો તે અજરામરપણાને માટે રસસિદ્ધિ સમાન નીવડે. અર્થાત્ પોતાના જ દોષોને દેખનારા જીવો જલદી મોક્ષને મેળવે છે. ૧૩.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીતરાગપ્રણીત ધર્મના અને આખા ય જૈન શાસનના શત્રુ સમજવા.

૯. હે ભગવન્ ! નાગિલ શ્રાદ્ધ કેમ મુક્તિ પામ્યો ? હે ગોયમ ! આગમયુક્તિએ કુશીલ એવા સાધુઓને ત્યજી અટવીમાં અનશન કરવાથી.

૧૦. કામવાસના કેવલ સંકલ્પમાંથી જન્મી વિશ્વને વિડંબે છે, તો તેથી બચવા તેના મૂલભૂત સંકલ્પનો જ નાશ કર.

૧૧. **ધુન જગાવ નવકારની !** ફક્ત એક જ નવકારના કાઉસગ્ગમાં લગભગ ૨૦ લાખ પલ્યોપમ પ્રમાણ દેવાયુ બંધાય છે.

૧૨. હે જંબૂ ! પૃથ્વીકાયાદિ જીવોના ઘાતક તથા આરંભ સમારંભોથી વિરામ નહિ પામનારા પ્રાણીઓ ચારે ય ગતિમાં સતત ભટકે છે અને પારાવાર વેદના વેદે છે.

૧૩. પ્રમાદીને પૈસા કાંઇ પરલોકમાં જતા બચાવી શકતા નથી.

૧૪. ક્રિયા સહિતનું સદ્જ્ઞાન જ મુક્તિનું સાધન છે.

૧૫. મોહને દળવા સમાન બીજો કોઇ ઉપાય નથી.

૧૬. ચેત !!! ભીષણ મરણ પછી ધર્મ સિવાય અન્ય કોઇ વસ્તુ સહાયક નથી.

૧૭. ઇન્દ્રોને અનાથની જેમ પીડનાર એવો કામ, અધ્યાત્મ ધ્યાનાગ્નિમાં પતંગીયાની જેમ બળી જાય છે, તો વાસનામાં વહ્યા કરતાં અધ્યાત્મમાં ઝીલ !

૧૮. ઋણ, વ્રણ, અગ્નિ અને કષાય જો જરા પણ રહ્યા હોય તો પણ તેનો વિશ્વાસ ન કરો; કેમકે રજમાંથી ગજ થાય છે.

૧૯. વિષયોની ઇચ્છા, જીવને ઇચ્છા વિના પણ દુર્ગતિમાં જ પટકે છે.

૨૦. સેવકને પણ સ્વામી બનાવનાર એવા સ્વામી જિનેશ્વર દેવો જ છે.

૨૧. સૂર્યાસ્ત પછી હૃદય અને નાભિ-પદ્મ સંકોચાય છે અને તે સમયે ભોજનમાં સૂક્ષ્મ અને સંસક્ત જીવો પડે છે; માટે રાત્રિભોજન કદાપિ કરવું નહિં.

૨૨. ચોરી કરનાર પોતાના જ આ લોક-પરલોક-ધર્મ ધૈર્ય તથા સુંદર મતિ વિગેરેને ચોરે છે.

૨૩. **जाए सद्धाए निवसन्तो, तमेव अणुपालिज्जा—**

હે જંબૂ ! જે શ્રદ્ધા અને સંવેગથી સંયમ લીધું તે જ શ્રદ્ધા અને સંવેગને કાયમ સાચવવો.

૨૪. માત્ર ઋજુસૂત્ર નયથી, વેદાન્ત બૌદ્ધ સંગ્રહથી તથા સાંખ્ય નૈગમથી ન્યાય વૈશેષિક પ્રગટ્યા પરન્તુ હે વિભો ! તેં પ્રકાશેલ **જૈનધર્મ**, તે તો સર્વ નયોથી ગુંફિત હોઇ પ્રત્યક્ષ સારવાળો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી હેમચંદ્રાચાર્યની જીવન ઝરમર.

( ગતાંક પૃષ્ઠ ૨૨૨ થી શરૂ. )

( લેખકઃ—**મુનિ શ્રી ન્યાયવિજયજી.** )

એક વાર દેવબોધી નામના સંન્યાસીએ ઇંદ્રજાળ અને મંત્રબળે મહારાજ કુમારપાલને જૈનધર્મમાંથી ડગાવી દેવા, અને પુનઃ પોતાનો ધર્મ સ્વીકારવા પ્રયત્ન કર્યો.

પોતે કમળના તાંતણાથી બનાવેલી સુકોમલ જાળીમય પાલખી ઉપર બેસી, આઠ નાના બાલકો પાસે તે ઉપડાવી નગરમાં ફર્યો. સર્વત્ર એની વાહવાહ થઇ. રાજસભામાં પણ એવી રીતે ગયો. બધાયને આશ્ચર્ય થયું. એક વાર રાજા કુમારપાલના પૂજન સમયે દેવમંદિરમાં ગયો. ત્યાં રાજાને પોતે ભરાવેલી શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિમાનું પૂજન કરતો જોઈ દેવબોધીને ગુસ્સો આવ્યો, અને કહ્યું રાજન્! જૈન ધર્મ અમારા વેદવિહિત નથી માટે માનવો ઉચિત નથી.

રાજા–વેદોમાં હિંસાનું વિધાન છે એટલે એ વેદમાન્ય નથી.

પછી દેવબોધીએ રાજાના પૂર્વજોની હાજરીમાં ઇન્દ્રજાળથી બ્રહ્મા, શંકર અને હરિના મુખથી કહેવરાવ્યું કે-વૈદિક આપણો કુલપરંપરાનો ધર્મ છે અને તે જ સત્ય ધર્મ છે. રાજા આ સાંભળી મુંઝાયો.

આ સમાચાર શ્રી હેમચંદ્રાચાર્યને મળ્યા. બીજે દિવસે મહારાજ કુમારપાલ વ્યાખ્યાનમાં આવ્યા છે. સભા ચિકાર ભરાઇ છે. ધર્મોપદેશ ચાલી રહ્યો છે. સૂરિજી મહારાજ સાત પાટ ઉપર બેસી અમૃત વાણી વર્ષાવી રહ્યા છે ત્યાં આચાર્યશ્રીના પૂર્વસૂચન મુજબ એક શિષ્યે આવી એક પછી એક પાટ લઈ લીધી. સૂરિજી મહારાજ ઉપદેશ આપી જ રહ્યા છે. આમ ને આમ અદ્ધર દોઢ પહોર ઉપદેશ આપ્યો. રાજા અને સમસ્ત–પ્રજા આ જોઇ દિગ્મૂઢ બની ગઈ. દેવબોધિને કમળતંતુઓનો પણ આશ્રય હતો, આ આચાર્યશ્રી તો અદ્ધર રહી ધર્મોપદેશ આપી રહ્યા છે. ઉપદેશ પૂર્ણ થયા પછી રાજા આચાર્યશ્રીના કહેવાથી દેવમંદિરમાં ગયો. ત્યાં ચોત્રીશ અતિશયયુક્ત શ્રી ઋષભદેવ પ્રભુજીની પ્રતિમા હતી, આઠ પ્રાતિહાર્યો સેવામાં હતા અને ૬૪ સુરેંદ્રો તેમની પૂજા કરી રહ્યા હતા. કુમારપાલના પૂર્વજો ચૌલુક્યાદિ ૨૧ ત્યાં જિનદેવની સ્તુતિ કરતા હતા. શ્રી હેમચંદ્રાચાર્યજીએ ભક્તિપૂર્વક જિનેંદ્રદેવની સ્તુતિ કરી. બધા બેઠા. આખરે કુમારપાલના પૂર્વજોએ કુમારપાલને કહ્યું—

" હે વત્સ ! કુમાર્ગને ત્યાગી શ્રી જૈન ધર્મને સેવનાર તારાવડે જ અમે પુત્રવાન થયા છીએ.

હવે પછીથી તું જિનદેવ, સુસાધુ અને દયામય ધર્મ એ ત્રણ તત્વોનું સ્વરૂપ જાણી તેમને ગ્રહણ કરી આચરણ કર. "

બસ આ સાંભળી બધા આશ્ચર્યમાં બેઠા છે ત્યાં બધું અદૃશ્ય થયું. રાજા વધુ વિમાસણમાં પડ્યો. સૂરિજી મહારાજને પૂછયું. ગઇકાલે જે જોયું અને સાંભળ્યું એથી તદ્દન ઊલટું જ અહીં જોયું અને સાંભળ્યું–આમાં સાચું શું છે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્ય મહારાજ-રાજન્! ગઈકાલ અને આજનું બધું દૃશ્ય ઇન્દ્રજાળ છે. દેવબોધી પાસે મંત્રકલા હતી. તે એણે દેખાડી. મારી પાસે હતી તે મેં દેખાડી. બાકી સત્ય ધર્મ તો તને પ્રભાસપાટણમાં શિવાલયમાં મહાદેવે જ કહ્યો છે તે માટે તું શાંતિથી સત્યધર્મની આરાધના કર.

રાજા બહુ પ્રસન્ન થયો. દેવબોધી પણ આ પ્રસંગથી સમજી ગયો અને ખુદ સૂરિજી મહારાજને વિજ્ઞાન, મહિમા, કળા અને અતિશયસંપન્ન જાણી પ્રસન્ન થઈ નમ્યો; પરંતુ અવારનવાર વિરોધ પણ કરતો જ.

આ અને આ સિવાયના એવા બીજા પણ કેટલાય પ્રસંગો છે જે શ્રી હેમચંદ્રાચાર્યજીને "**કલિકાલસર્વજ્ઞ**" બિરુદ અપાવવા સમર્થ છે.

ખરેખર ભગવાન્ શ્રી મહાવીરદેવના શાસનમાં તેઓશ્રી એક જ થયા છે. આવા મહાન્ બિરુદને યોગ્ય અદ્યાવધિ કોઈ નજરમાં નથી આવતું.

સૂરિજી મહારાજે મહારાજ કુમારપાલને ઉપદેશ આપી જૈન ધર્મનો દૃઢ અનુરાગી બનાવ્યો. શ્રાવકના બાર વ્રત આપ્યા, ગુજરાત અને ગુજરાતની બહાર કુમારપાલના મહાન્ સામ્રાજ્યમાં જૈન ધર્મનો વિજયધ્વજ ફરકાવ્યો.

સૂરિજી મહારાજના ઉપદેશથી રાજાએ અનેક સુંદર વિશાલ ગગનચુમ્બી જિનમંદિરો બનાવ્યાં, વિશાલ જ્ઞાનભંડારો કરાવરાવ્યા, અનેક જૈનધર્મના ઉપાસકો વધાર્યા અને જૈનધર્મના પાયારૂપ **અહિંસા, સંયમ અને તપ**નું ગૌરવ વધારી એને જીવંતધર્મ બનાવ્યો છે.

મહારાજ કુમારપાલે જૈનધર્મ સ્વીકારી માનવતાનું મૂલ્યાંકન જ કર્યું તેથી એમની માનવતા ઓર દીપી ઊઠી છે. એ જેવા કર્મવીર હતા તેવા જ ધર્મવીર બન્યા છે. જેવા પ્રતાપી હતા તેવા જ ધર્મોપાસક બન્યા છે અને ગુજરાત અને ગુજરાતની સાહિત્યસેવા કરતાં, **સૂરિજી**-મહારાજે બબ્બે રાજાઓને પ્રતિબોધવાનું ભગીરથ કાર્ય કરવા સાથે સંસ્કૃત પ્રાકૃત સાહિત્યની જે સેવા બજાવી છે તે પણ અભૂતપૂર્વ અને અદ્ભુત છે.

તેઓશ્રી માટે કહેવાય છે કે તેમણે સાડાત્રણ ક્રોડ શ્લોક નવા બનાવ્યા છે. યદ્યપિ આજે એ બધું સાહિત્ય ઉપલબ્ધ નથી કિન્તુ જે સાહિત્ય ઉપલબ્ધ છે તે પણ તેમની બુદ્ધિ-પ્રતિભા અને જ્ઞાનને ગૌરવ અપાવે તેવું છે. જેઓને આચાર્યશ્રીના સાહિત્યની ઝાંખી કરવી હોય એમને હું સાદર સૂચવું છું કે મધુસૂદન-મોદી લિખિત **હેમસમીક્ષા** વાંચી જવું. એમાં સંક્ષેપમાં પણ શ્રી હેમચંદ્રાચાર્યજીના સાહિત્યનો સારો પરિચય આપ્યો છે.

જૈન કે જૈનેતરો એમના આ અદ્ભુત જ્ઞાન-ગુણથી આકર્ષાઇ, ગુજરાતની અસ્મિતાના મહાન્ જ્યોતિર્ધરને ભક્તિથી શિર નમાવે છે. આ અપરિમિત જ્ઞાનશક્તિને લીધે જ "કલિકાલસર્વજ્ઞ" પદથી તેઓશ્રી ઓળખાય છે. પાશ્ચાત્ય વિદ્વાન્ ડૉ. **પીટર્સન સૂરિજી** મહારાજના સાહિત્યથી મુગ્ધ થઈ મુક્તકંઠે સ્તુતિ કરતાં કહે છે કે-તેઓ જ્ઞાનના સાગર ( Ocean of Knowledge ) છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શોક–મોહની નિવૃત્તિનો ઉપાય.

અનુ:—' અભ્યાસી '

શાસ્ત્રોમાં શોક–મોહને જ મુખ્ય સંસાર માનવામાં આવ્યો છે. '**तत्र को मोहः कः शोकः एकत्वमनुपश्यतः**' એ શ્રુતિમાં એમ બતાવવામાં આવ્યું છે કે એકત્વદર્શી તત્વનિષ્ઠ પુરુષને માટે શોકોપલક્ષિત સંસારનું અસ્તિત્વ જ નથી રહેતું. શોક દૂર કરવા માટે ગીતાશાસ્ત્રની પણ પ્રવૃત્તિ પરિલક્ષિત થયેલી છે. '**अशोच्या नन्वशोचस्त्वम्**' થી શોક કરવાનું અયોગ્ય બતાવવામાં આવ્યું છે. '**मैव शोचितुमर्हसि, तत्र का परिदेवना**' વગેરે વચનોવડે પણ શોકના પરિહારનો જ પ્રયત્ન કરવામાં આવ્યો છે. અર્જુને પોતે પણ શોકસંવિગ્ન બનીને કહ્યું છે કે 'હે ભગવાન! સંસારમાં એવી કોઇપણ સંપત્તિ કે ઉન્નતિ નથી કે જે મારા શોકનું અપાકરણ કરી શકે! ખરેખર શોક ભારે ઉત્તેજક વસ્તુ છે. એનું બીજું નામ છે ચિન્તા. તે તો સર્વત્ર છે. મહાત્મા તુલસીદાસજી તો કહે છે કે એવા પ્રાણી ઘણા થોડા જોવામાં આવશે કે જેને ચિંતારૂપી સાપણે ડંખ ન માર્યો હોય અને જેના ઉપર માયા ન વ્યાપી હોય.

ચિંતા સાપિની કાહિ ન ખાયા;
કો જગ જાહિ ન વ્યાપી માયા.

ચિન્તાથી જર્જરિત થયેલ અંતઃકરણવાળો પ્રાણી કોઇ પુરુષાર્થ માટે લાયક નથી રહેતો, જે વૃક્ષના મૂળમાં અગ્નિ જાજવલ્યમાન થઇ રહ્યો હોય છે ત્યાં ખરેખર પલ્લવોની સુખદ, શીતળ વાયુપ્રાપ્તિ દુર્લભ છે. વળી શોક મોહના રહેવાથી અનેક ઉપદ્રવો થવાનો સંભવ છે, કેમકે એ જ સઘળા અનર્થોનું મૂળ છે. શોક મોહને લઇને જેના વિવેક–વિજ્ઞાનનો પરિભવ થઇ જાય છે તેનાથી કર્તવ્યાંકર્તવ્યનો નિર્ણય નથી થઇ શકતો. પહેલાં તો ત્યાં અકર્તવ્યમાં પ્રવૃત્તિ અને કર્તવ્યની ઉપેક્ષા થાય છે. કોઈ વખત અહંકાર યુક્ત પ્રવૃત્તિ પણ થાય છે. જેટલો તાપ ચિંતા–સંતાપથી થાય છે તેટલો દાવાનલના તાપથી પણ નથી થતો. ખરેખર ચિંતા અત્યંત દારૂણ છે. એનો ઔષધિ કે લંઘનોથી અંત નથી આવતો. એટલું જ નહિ પણ કોઈપણ પ્રકારે તે કાર્ય મુશ્કેલ છે. ચિન્તા જ્વર મનુષ્યોની ક્ષુધા, નિદ્રા, શક્તિ–સર્વનું હરણ કરી લે છે. રૂપ, ઉત્સાહ, બુદ્ધિ, શોભા તેમજ જીવનને પણ સંકટમાં નાખી દે છે. અઠવાડિયું વીત્યા પછી જ્વર જીર્ણ થાય છે, પરંતુ ચિંતા જ્વર હરહમેશ નવીનતા જ પ્રાપ્ત કરે છે. મોટા ધન્વંતરીને પણ તેમાં સફલતા નથી મળતી. ચરકનો સંચાર પણ ત્યાં બેકાર છે. ચિંતાજ્વર દૂર કરવામાં અશ્વિનીકુમાર પણ સફળ નથી થતા.

**अहो देवाग्निदवथुस्तथा मां न स बाधते ।**
**बाधते तु यथा चित्ते चिन्तासंतापसंततिः ॥**

**युक्तमुक्तं पुराविद्भिश्चिन्ता मूर्तिः सुदारुणा ।**
**न भेषजैर्लंघनैर्वा न चान्यैर्वा न चान्यैरुपशाम्यति ॥**

**चिन्ताज्वरो मनुष्याणां क्षुधां निद्रां बलं हरेत् ।**
**रूपमुत्साहबुद्धिं च जीवितं च न संशयः ॥**

**ज्वरो व्यतीते षडहे जीर्णज्वर इहोच्यते ।**
**असौ चिन्ताज्वरस्तीव्रः प्रत्यहं नवतां व्रजेत् ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**धन्यो धन्वन्तरिर्नात्र चरकश्चरतीह न।**
**नासत्यावपि नासत्यावथ चिन्ताज्वरे किल॥**

આ રીતે ચિન્તા, શોક વગેરેની સ્થિતિ, લોક અને શાસ્ત્ર સર્વત્ર અત્યંત પ્રસિદ્ધ છે. જોકે સર્વત્ર, સર્વથા, સર્વદા એ મહારાગને દુશ્ચિકિત્સ્ય કહેવામાં આવેલ છે તો પણ પ્રભુનું શરણ તેમજ પ્રભુનો સાક્ષાત્કાર એ રોગનો અચૂક રામબાણ ઉપાય છે એમ શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે.

**तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि।**

આ ગીતાના વચનથી સ્પષ્ટ થાય છે કે ભગવત્તત્વનું જ્ઞાન શોક–ચિંતાથી મુક્ત થવાનું મુખ્ય સાધન છે. અનાથોના નાથ સૌના નાથ છે.

**अनाथनाथः सर्वेषां विश्वनाथः प्रकीर्तितः**

એના ચરણોના શરણ વગર કોઈપણ રીતે ક્યાંય પણ શાંતિ પ્રાપ્ત થઈ શકતી નથી.

**यस्यांके शिर आधाय लोकः स्वपिति निर्भयः।**

જે ભગવાનના અંકમાં મસ્તક રાખીને પ્રાણી નિર્ભયપણે સૂઈ શકે છે તેનું શરણ ચિન્તામુક્ત થવાનું દિવ્ય સાધન છે. જેવી રીતે અગાધ જળ પામીને માછલી નિર્ભય બને છે તેવી રીતે પ્રાણી ભગવાનના શરણમાં જઈને સર્વથા નિર્ભય બને છે.

સુખી મીન જલ પાઇ અગાધા,
જીમી હરિસરન ન એક બાધા.

ભગવત્પ્રીતિ તેમજ તત્વસાક્ષાત્કાર ઉત્પન્ન થતાં દશ્ય પ્રપંચ જ બાધિત થઈ જાય છે. પછી તો ભય તેમજ શોકના સઘળાં કારણોનો બિલકુલ અભાવ થઈ જાય છે અને ત્યારે જ સાચી નિર્ભયતા તેમજ નિઃશોકતા પ્રાપ્ત થાય છે.

વસ્તુતઃ જ્યાંસુધી દ્વૈત પ્રપંચ ઉપર દૃષ્ટિ રહે છે ત્યાંસુધી કોઇ ને કોઇ અનુપપત્તિ, કોઈ ને કોઇ અસુવિધા આવી જ પડે છે. ગમે તેટલું સુંદર તેમજ ઉત્કૃષ્ટ દ્વૈત હોય તો પણ ત્યાં દુઃખનું બીજ વિદ્યમાન હોય છે. આપ્ત-જનો સાથે જેટલો વધારે સ્નેહ થાય છે તેટલી જ વધારે શોકની જડ મજબૂત બનતી જાય છે.

**यावतः कुरुते जन्तुः संबंधान् मनसः प्रियान्।**
**तावन्तोऽस्य निखन्यन्ते हृदये शोकशंकवः॥**

સ્નેહ, દ્વેષ વગેરે ભાવોની ઉત્પત્તિ દ્વૈત-દૃશ્ય ઉત્પન્ન થવાથી અનિવાર્ય થઈ જાય છે. દ્વેષ પોતે જ દુઃખરૂપ છે, સ્નેહનું પર્યવસાન પણ દુઃખમાં જ છે. ભેદ એટલો જ છે કે સ્નેહ તત્કાળ મધુર લાગે છે, પરંતુ તેમાં જેટલી કડવાશ રહેલી છે તેટલી દ્વેષમાં પણ નથી હોતી. કોઇએ યોગ્ય જ કહ્યું છે કે–સ્નેહ-વાન પ્રદીપ જેવી રીતે પ્રતિક્ષણ બળ્યા કરે છે તેવી રીતે સ્નેહવાન પ્રાણી પણ બળ્યા કરે છે '**स्नेहवज्ज्वलन्तेऽनिशम्**'। જેવી રીતે સ્નિગ્ધ વર્તિકા બળ્યા કરે છે તેવી જ સ્થિતિ સ્નિગ્ધ પ્રાણીની પણ થાય છે '**वर्तिरार्द्रापि दह्यते**'। જો કે ભગવત્સ્નેહ બહુ જ ઉચ્ચ કોટિની વસ્તુ છે તો પણ સાંસારિક સ્નેહ સંપૂર્ણ ઉપદ્રવોની જ જડ છે. જે વસ્તુ નિત્ય છે, વસ્તુતઃ પ્રાણીમાત્રને નિરતિશય નિરુપા-ધિક પરપ્રેમની આસ્પદ છે, સૌના હૃદયના સાચા ભાવો સમજે છે તેમાં જ સ્નેહ સફળ થઇ શકે છે. બીજે તો તે અફળ જ બને છે. એવી રીતે સૂર્યમાં જ પ્રકાશ નિત્ય નિરતિશય રૂપે રહે છે અને બીજે સ્થળે આગન્તુક રૂપે જ રહે છે, એટલા માટે રાગદ્વેષાતીત, પ્રપંચા-તીત, નિર્દૃશ્ય, અદ્વૈત, વિશુદ્ધ પરમાત્માના શરણમાં જ રહેવું એ જ શોકની નિવૃત્તિનો એક માત્ર અમોઘ ઉપાય છે.

ભગવત્સ્નેહથી સંસારનો સ્નેહ ઓછો થતાં સ્નેહાશ્રય તથા સ્નેહ વિષય એક રૂપ જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિમિત્તદ્વારા જ્ઞાનપ્રાપ્તિ

**ભૂમિકા—**

પ્રત્યેકબુદ્ધ તે જ છે કે જેમને એકાદા પદાર્થના નિરીક્ષણથી સંસારનું ક્ષણભંગુરપણું સમજાય અને એ સંસારને સર્પ જેમ કાંચળીનો ત્યાગ કરે તેમ, છોડી દેવાના પરિણામ ઉદ્ભવે અને એ અમલી બને.

જૈન દર્શનમાં પૂજ્ય તીર્થંકર દેવોનું સ્થાન સ્વયંબુદ્ધ તરીકેનું છે અને એ ઉપરાંત ગુરુના ઉપદેશથી જેમને બોધની પ્રાપ્તિ થાય છે એ ત્રીજા બુદ્ધબોધિત વર્ગમાં આવે છે. એનો ક્રમ જોતાં પ્રત્યેક બુદ્ધનો નંબર બીજો છે. ચાલુ અવસર્પિણી કાળમાં, આ ભરતક્ષેત્રમાં પ્રત્યેક બુદ્ધ તરીકે સંસારને લાત મારી સંયમપંથે પળનાર આત્માઓની સંખ્યાનો આંક જો કે ચોક્કસ જાણવામાં કે વાંચવામાં નથી આવ્યો છતાં જુદા જુદા સ્થળે જે છૂટીછવાયી નોંધો ઉપલબ્ધ થાય છે તે જોતાં જરૂર કલ્પી શકાય કે એ સંખ્યા નાનીસૂની તો નથી જ. આમ છતાં ચાર પ્રત્યેકબુદ્ધની વાત સવિશેષ જાણીતી છે. એના કારણમાં ખાસ તરી આવે એવી વાત એ છે કે એ ચારે આત્માઓ જુદા જુદા નગરમાંથી એકી જ વેળાયે નીકળી પડે છે. વિચરતાં વિચરતાં એક જ દિવસે અમુક નગરમાં ચાર ભિન્ન દિશાઓમાંથી આવી, એક જ વસતીમાં–સાધુ સંતને ઊતરવાના સ્થાનમાં પ્રવેશ કરે છે. ચારે સાથે જ ઊતરે છે; અને થોડા સમયમાં પરસ્પરના વાર્તાલાપમાં એકાદી નાનકડી બાબત ઉપરથી તેઓ આત્મશુદ્ધિના કાર્યમાં ઊંડા ઊતરી જાય છે અને પ્રબળ ભાવનાના યોગે કર્મપૂંજને પૂર્ણપણે બાળી નાંખી, ચારેય કેવળજ્ઞાન મેળવે છે. અકસ્માતપણે પ્રાપ્ત થયેલ આ સમાનતાથી, જૈન સાહિત્યમાં આ ચાર આત્માઓની બોધપ્રાપ્તિના નિમિત્તો જૂદા હોવા છતાં, જીવન–કવનમાં વિલક્ષણતા હોવા છતાં, અને મેળાપ પણ આકસ્મિક રીતે થયા છતાં તેઓ ચરિત્ર અને રાસ આદિની સંકલનામાં ઘણુંખરૂં સાથે જોવામાં આવે છે. ચાર પ્રત્યેકબુદ્ધરાસ ચરિત્ર નામની કૃતિઓ આ વાતની સાક્ષી પૂરે છે. તેઓના નામ અનુક્રમે આ પ્રમાણે છે. ૧ રાજર્ષિ કરકંડુ, ૨ રાજવી દ્વિમુખ, ૩ રાજર્ષિ નમી અને ૪ નૃપ નિગત્તિ છે.

પૂર્વે જે વ્યાખ્યા બાંધી છે એ જોતાં એમાં બીજા જે આત્માઓનો સમાવેશ થાય છે એ તરફ મીંટ માંડીએ. એકાદ પદાર્થના નિરીક્ષણથી કે એકાદી ચીજના અવલોકનથી

---

થઈ જાય છે. તે સમયે પણ શોક મોહનું સ્થાન નથી રહેતું. વસ્તુતઃ સર્વ શાસ્ત્રોનું તાત્પર્ય શોક મોહની નિવૃત્તિમાં જ છે. એટલા માટે ચિન્તા શોકને નિવૃત્ત કરનાર ભગવચ્ચરણારવિન્દનો આશ્રય જ પ્રાણી માત્રનું પરમ ધ્યેય હોવું જોઇએ. શાસ્ત્રોએ ભગવાનના મંગલમય હાસ્યને શોકાશ્રુસાગર–વિશોષણ કહેલ છે. ભગવાનના સ્મિતને તો શોકાપહારી અનેક સ્થળે કહેલ છે. સંતપુરુષોનો અનુભવ પણ એવો છે કે આ અપાર સંસારસમુદ્રમાં ડૂબી ગયેલા પ્રાણીઓને તારનાર, બચાવનાર એક માત્ર ભગવાનના ચરણોનું શરણ જ છે.

**रे चित्त चिन्तय चिरं चरणौ मुरारेः**
**पारं गमिष्यसि यतो भवसागरस्य ।**
**पुत्राः कलत्रमितरे न हि ते सहायाः**
**सर्वं विलोकय सखे मृगतृष्णिकाभम् ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માને સંસારની અસારતાનું તલસ્પર્શી ભાન થાય, એમાં જરૂર પૂર્વભવના સુસંયોગો-નો-પ્રાપ્ત કરેલ લગભગ ઉચ્ચ ભૂમિકાનો-નહિં જેવા પ્રમાદના કારણે જ જીતની બાજી હારમાં પરિણમ્યાનો-યોગ અનુમાની શકાય. ઉચ્ચ ભૂમિકાના સાધક વિના એકાદી અટુલી વસ્તુમાત્રના દર્શને આત્મા એકાએક ઉત્કટ ભાવના વાસિત બની જાય અને અલ્પ કાળમાં સાધનાની પ્રબળતાથી આત્મસાક્ષાત્કાર કરે એ સંભવિત ન જ ગણાય પૂર્વભવના સંકેતને જ એમાં કારણભૂત ગણવો પડે. આટલું સમજી આગળ વધીએ કે જેથી પ્રસ્તુત લેખમાં ભાગ ભજવતા આત્માઓના જીવન વિલોકવામાં મુશ્કેલી ન આવે.

## સાધ્વી પુષ્પચૂલા—

પ્રજાને પ્રતિજ્ઞામાં બાંધી લઇ રાજવીએ પુષ્પચૂલ અને પુષ્પચૂલા કે જે ભાઇ-બ્હેન થતાં હતાં અને બાલ્યકાળથી જેમનામાં પરસ્પર ગાઢ સ્નેહ પ્રવર્તતો હતો તેમના લગ્ન કર્યાં. આ કાર્યથી નારાજ થઈ રાણીએ સંસાર પરની આસક્તિ છોડી દઇ, તપ સાધનાદ્વારા જીવન વીતાવી વ્યંતરનિકાયમાં દેવપણું મેળવ્યું ! રાજવીના અવસાન પછી ગાદી પર પુષ્પચૂલ આવ્યો અને પુષ્પચૂલા સાથેના વિલાસમાં આકંઠ બૂડ્યો. દંપતી જીવનના વિલાસ માણવામાં આ યુગલે ન તો પાછી પાની કરી કે ન તો ધર્મનીતિ પ્રતિ નજર સરખી ફેરવી ! ઉભયનું જીવન આ રીતે વહી જાય એ વ્યંતર થયેલ માતાના આત્માને ન રુચવાથી અને માઠી ગતિનું ભાજન પોતાના અંગજો ન બને એવી શુભ ભાવનાથી; તેણીએ પુષ્પચૂલાને એક રાત્રિએ સ્વપ્નમાં નર્ક ગતિના દુઃખો દેખાડ્યાં. જ્યાં ભિન્ન ભિન્ન પ્રકારની વેદનાની વરાળોથી હદ બહારની રોકકળ ચાલી રહી છે, પરમાધામીના કોયડા વીંઝાઇ રહ્યા છે, અને પરસ્પર મારપીટ અને દારૂણ હાકોટા તેમજ કરુણ પોકારો પડી રહ્યાં છે એવા દ્રશ્યો જોતાં જ રાણી ઝબકીને જાગી ઊઠી. તેણીના અંતરમાં કોઇ વિલક્ષણ ભીતિએ ઘર કર્યું. સવારે વાત રાજા પુષ્પચૂલના કાને પહોંચતાં જ પ્રેયસીના સાંત્વન અર્થે એણે જુદા જુદા ધર્મના આચાર્યોને તેડાવ્યા અને નર્કના દુઃખો સંબંધી પ્રશ્ન કર્યો. એ સ્થાનનું વાતાવરણ વર્ણવવાની વિનંતી કરી. દરેકે જુદી રીતે એનું સ્વરૂપ વર્ણવ્યું. પણ નિર્ગ્રંથશિરોમણી અર્ણિકાપુત્ર નામના આચાર્યે કેવલીભગવંતે બતાવેલ છે એ મુજબ નરકગતિનું બ્યાન રજૂ કરતાં જ રાણીની આંખો નાચી ઊઠી. તેણીએ સહજ પ્રશ્ન કર્યો કે—

મહારાજ, તમોને પણ મારી માફક રાતના સ્વપ્ન આવ્યું છે ?

માતા, તેમ નથી. મારું વર્ણન તો શાસ્ત્રના અભ્યાસને આભારી છે.

થોડા દિવસ પછી પુનઃ રાણીને સ્વપ્નું આવ્યું એમાં એણીએ સ્વર્ગના વિમાનો અને એમાં પ્રવર્તી રહેલી વિવિધ પ્રકારની સુખલીલા ને કામક્રીડાઓ નીરખી.

એકત્ર કરવામાં આવેલા ધર્મનિષ્ણાતોમાં અક્ષરશઃ મળતે મળતી હકીકત કેવળી આચાર્યશ્રી અર્ણિકાપુત્રના વર્ણનમાં આવી. રાણીને ગુરુ પ્રત્યે બહુમાન પેદા થયું. રાજાને પણ ધર્મ જેવી કોઇ વસ્તુ છે એવો ભાસ થયો. રાણીના પ્રશ્નથી ગુરુદેવે નરકમાં કેવી માઠી કરણીથી જવાય અને કેવા સુકૃત્યો કરવાથી દેવગતિ પ્રાપ્ત થાય એ વિસ્તારથી સમજાવ્યું.

એ સાંભળતાં જ ઉભયના દિલમાં જબરી ચોટ લાગી. રાણી પુષ્પચૂલાને પોતાના ધર્મનીતિના ધોરણે હલકી દશામાં ઊતરી ગયેલા જીવન પર કંટાળો આવ્યો. સંસારના બંધનોને છોડી દઇ આત્મશ્રેય અર્થે સંયમ સ્વી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સંતિકરં સ્તોત્ર અનુવાદ.

સુમતિ ચરણ કજ આતમ અરપણા, દર્પણ જીમ અવિકાર. ॥ સુજ્ઞાની૦ ॥ એ દેશી.

વંદન પૂજન કરું શ્રી શાંતિ જિનેશ્વર,
જગત આધાર સુખકાર. ॥ સુજ્ઞાની૦ ॥
શાંતિ જયલક્ષ્મી આપો પ્રભુ દાસને,
ભક્ત પાલનહાર ॥ સુજ્ઞાની૦ ॥ વંદન ॥ ૧ ॥

દેવી નિર્વાણી ગરુડ યક્ષે કરી,
સેવા શાંતિ જગ તાર ॥ સુજ્ઞાની૦ ॥
વિપ્રુડૌષધિ લબ્ધિ પામીયા,
ૐ શાંતિ ચરણ જયકાર ॥ સુજ્ઞાની૦ ॥ વંદન૦ ॥ ૨ ॥

ૐકાર સાહેબ ઔં સ્વાહા મંત્રથી,
નમુન કરે મારિ દૂર ॥ સુજ્ઞાની૦ ॥
શ્લેષ્મૌષધિ આદિ લબ્ધે શોભતા,
સર્વૌષધિતણા ભંડાર ॥ સુજ્ઞાની૦ ॥ વંદન૦ ॥ ૩ ॥

દ્રવ્ય ભાવ લક્ષ્મી મુજ આપજો,
મહિમા ગુણ સુખખાણ ॥ સુજ્ઞાની૦ ॥
પાપ આદિ મુજ દોષો ટાળીને,
દેજો કેવળનાણ ॥ સુજ્ઞાની૦ ॥ વંદન૦ ॥ ૪ ॥

ત્રિભુવન સ્વામીની લક્ષ્મી સરસ્વતી,
ગણિ પિટક યક્ષ અધિષ્ઠાત ॥ સુજ્ઞાની૦ ॥
સૂર્યાદિ નવગ્રહ દિગ્પાલક તમે,
ચોસઠ ઇન્દ્ર વિખ્યાત. ॥ સુજ્ઞાની૦ ॥ વંદન૦ ॥ ૫ ॥

રક્ષા કરો સવી જિન ભક્તોતણી,
રક્ષા કરો મુજ સાથ ॥ સુજ્ઞાની૦ ॥
ૐ રોહિણી પ્રજ્ઞપ્તી વજ્રશૃંખલા તમે,
વજ્રાંકુશી સુખ સાથ. ॥ સુજ્ઞાની૦ ॥ વંદન૦ ॥ ૬ ॥

દેવી ચક્રેશ્વરી નરદત્તા કાળી,
મહાકાળી ગૌરી ગાન્ધારી; ॥ સુજ્ઞાની૦ ॥
મહાજ્વાલા માનવી વૈરૂટ્યા વંદીયે,
અચ્છુપ્તા માનસિકા ધારી. ॥ સુજ્ઞાની૦ ॥ વંદન૦ ૭ ॥

---

કારવાનો ભાવ પેદા થયો. પતિ અને સ્નેહી એવા રાજાની મહામહેનતે અનુમતિ મેળવીને ભાગવતી દીક્ષા સ્વીકારી. આચાર્યશ્રીની શુશ્રૂષા કરતાં કર્મને ખંખેરી ગાઢ નાંખી, પ્રાંતે કૈવલ્ય મેળવ્યું. આમ નર્ક અને સ્વર્ગના દર્શને ચારિત્રગ્રહણનું નિમિત્ત પામી પ્રત્યેકબુદ્ધમાં સ્થાન પ્રાપ્ત કર્યું.

**ચોકસી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

**મુનિરાજ શ્રી મોહનલાલજી જૈન સેન્ટ્રલ લાઇબ્રેરીનો**—સં. ૧૯૪૦ થી સં. ૧૯૪૫ સુધીનો પાંચ વર્ષનો રિપોર્ટ મળ્યો છે. મુંબઇ શહેરના મધ્ય લત્તામાં આવેલી હોવાથી જૈન જૈનેતર સારો લાભ લે છે. કાર્યવાહકોના ઉત્સાહવડે પ્રગતિશીલ થાય છે. તેઓની માંગણી સ્વતંત્ર મકાન માટે છે, જે યોગ્ય છે. જૈન બંધુઓએ તે માટે આર્થિક સહાય આપવાની જરૂર છે. સરવૈયુ આવક જાવક હિસાબ પદ્ધતિસર છે.

**શ્રી ખંભાત જૈન મંડલનો રજત મહોત્સવ સ્મારક-ગ્રંથ**—પ્રકાશક ઉપરોકત મંડળ. સામાજિક ઉપયોગી લેખોવડે ત્રણ ખંડોમાં વાંચવા લાયક આપવા સાથે, કાર્યવાહીની ટૂંક હકીકત આપી છે અને સં. ૧૯૯૮ ના કારતક વદી ૩૦ સુધીનો હિસાબ તથા પછીનો હિસાબ આપેલ છે, જે વ્યવસ્થિત અને ચોખવટવાળું છે અમે તેનો અભ્યુદય ઇચ્છીયે છીયે. આ સ્મારક-ગ્રંથનું સંપાદન કરવામાં મોહનલાલ દીપચંદ ચોકસીનો પ્રયાસ સારો છે.

**કાર્તકમાં અખિલહિંદ સમિતિની બેઠક**

અખિલ હિંદ જૈન શ્વે. કોન્ફરંસ સમિતિની બેઠક કાર્તક માસમાં બહારગામ અથવા મુંબઇમાં બોલાવવા નિર્ણય કરવામાં આવેલ છે. આ સમિતિની બેઠકમાં સંગીન કાર્યવાહી રજૂ કરવા એક માસમાં સભ્યોના અભિપ્રાયો મંગાવવા ઠરાવવામાં આવ્યું છે.

બોરૂ (મહેસાણા) માં છોકરાઓએ જૈન સાધ્વીજીને માર માર્યાની જે હકીકત જાહેરમાં આવી છે. તે બદલ વિરોધ દર્શાવનાર અને ગાયકવાડ સરકારને એ માટે તપાસ હાથ ધરી ગુન્હેગારને યોગ્ય નશીયત પહોંચાડવા વિનંતિ કરતો ઠરાવ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત કેટલાક કારોબારી કાર્ય અંગે સમિતિએ નિર્ણયે કર્યા હતા.

---

તા ૧૦-૮-૪૬ ને શનિવારનાં રોજ શ્રી જૈન આત્માનંદ સભાની જનરલ મીટીંગ ઉપપ્રમુખની તથા એક સેક્રેટરીની ખાલી પડેલી જગ્યાએ નવી નિમણુંક કરવા મળી હતી. ઉપપ્રમુખ બે નિમવામાં આવ્યા હતાં, જેમાં એક શેઠ ફતેહચંદ ઝવેરભાઇ જેઓ અત્રેના અગ્રગણ્ય જૈનોમાંના એક છે. મુંબઇમાં રેશમી કાપડના વેપારી છે અને જેઓ ધર્મનું સારું જ્ઞાન ધરાવે છે તેમને તથા બીજા શ્રીયુત્ ખીમચંદભાઇ ચાંપશીભાઈ શાહ. એમ. એ. જેઓ શામલદાસ કોલેજમાં પ્રોફેસર છે અને જૈન ધર્મના સારા અભ્યાસી, વિદ્વાન અને સુપ્રસિદ્ધ છે તે બન્ને ગૃહસ્થોને ઉપપ્રમુખો તરીકે, તેમજ એક ખાલી પડેલી સેક્રેટરીની જગ્યાએ શ્રીયુત્ જાદવજી ઝવેરભાઇ, જેઓ અત્રેની જૈન કોમનાં પ્રતિષ્ઠિત ગૃહસ્થ અને અત્રેની જૈન સમાજમાં એક આગેવાન તરીકે સુપ્રસિદ્ધ છે તેમની નીમણુંક સર્વાનુમતે કરવામાં આવી છે.

---

મહામાણસિકાદિ સોળ દેવીયો,
રક્ષા કરો મુજ નિત્ય ॥ સુજ્ઞાની૰ ॥
સંકટ પાપ હરે સવી શ્રી સંઘના,
વંદન કરું માત નિત્ય ॥ સુજ્ઞાની૰॥ વંદન પૂજન કરું. ॥૮॥

(ચાલુ)

લેખકઃ—**હીરાચંદ ઝવેરચંદ શાહ-બેંગલોર સીટી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે પછી છપાતાં **શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર** તથા **શ્રી વસુદેવ હિંડી** બે ભાગ મળી ત્રણ ગ્રંથો એક હજાર પાનાના મોટા ગ્રંથો. તે પછી **કથારત્નકોષ, શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર** સચિત્ર સુમારે ૮૦૦ પાનાના ગ્રંથો છપાય છે તે ભેટ મળશે. જેમ જેમ નવા નવા ગ્રંથો છપાતા જશે તેમ તેમ રૂા. ૧૦૧) એકસોએક આપી નવા લાઇફ મેમ્બર થનારને પણ ભેટ મળશે. ઓછામાં ઓછા આઠથી દશ રૂપીઆના કિંમતના દરેક વખતના ગ્રંથોની કિંમત મુદ્દલ થવા જાય છે. આ આર્થિક દૃષ્ટિએ પણ સારામાં સારો લાભ લેવાય છે અને વાંચી આત્મિક આનંદ પણ મેળવાય છે.

( એકાવન રૂપીયા આપી બીજા વર્ગમાં લાઇફ મેમ્બર થનારને તે દરેક ગ્રંથની કિંમતમાંથી બે રૂપીઆ ભેટના મજરે આપી બાકીની રકમ તેમની પાસેથી લઇ તેમને પણ ભેટ અપાય છે. )

---

**૧. શ્રી સંઘપતિ ચરિત્ર.** **ભેટના બે સુંદર ગ્રંથો** છપાઇ ગયેલ છે. **૨. શ્રી મહાવીર પ્રભુના યુગની મહાદેવીઓ.**

અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે બે સુંદર ગ્રંથો ભેટ આપવા માટે છપાઇ ગયેલ છે. સુંદર ચિત્રો અને આકર્ષક કવર જેકેટવાળું મજબૂત બાઇંડીંગનું કામ શરૂ કરવામાં આવેલ છે. સખ્ત મોંઘવારી, વધતા જતા ભાવો, છતાં આ સભા પોતાના સભાસદોને સુંદર ગ્રંથો છપાવી ભેટ આપે છે, જે રીતે કોઇ પણ અન્ય જૈન સંસ્થા તે પ્રમાણે આપી શકતી નહિ હોવાથી આ સભામાં દર માસે પેટ્રનો તથા સભાસદોની વૃદ્ધિ થતી જાય છે. નવા થનારા સભાસદોને પણ આ ગ્રંથનો લાભ મળશે. બંને ગ્રંથો ઘણા જ સુંદર, પઠનપાઠન કરવા જેવા છે.

**૧. શ્રી સંઘપતિ ચરિત્ર ( શ્રી ઉદયપ્રભાચાર્યકૃત )**—ગ્રંથ જેમાં પ્રભાવનાનું સ્વરૂપ, સંઘ તથા શ્રી શત્રુંજય તીર્થ માહાત્મ્ય, સંઘ સાથે વિધિવિધાનપૂર્વક, શ્રી વસ્તુપાળે કરેલી શ્રી શત્રુંજય ગિરિનાર તીર્થની યાત્રાનું વાંચવા લાયક વર્ણન, શ્રી આદિનાથ પ્રભુ તથા શ્રી નેમનાથ પ્રભુનાં ચરિત્રો, શ્રી જંબૂકુમાર કેવળીનું વર્ણન, શ્રી ભરત ચક્રવર્તી તથા શ્રી કૃષ્ણ વાસુદેવની સુંદર કથા, મહાતપસ્વી યુગબાહુ તથા પ્રદ્યુમ્ન કુમારના વૃત્તાંતો, બીજી અનેક અંતર્ગત કથાઓ. છેવટે વસ્તુપાળે શત્રુંજય પર કરેલ મહોત્સવ અને અપૂર્વ દેવભક્તિનું વર્ણન આપી પૂર્વાચાર્ય મહારાજે ગ્રંથ સંપૂર્ણ કર્યો છે. ઘણી ઘણી નવી નવી હકીકતો વાચકને જાણવા મળે છે. આ ગ્રંથ **શ્રી સંઘપતિ રાવબહાદૂર શેઠ જીવતલાલભાઈ પ્રતાપશીએ** આપેલ આર્થિક સહાયવડે છપાય છે.

**૨. શ્રીમહાવીર પ્રભુના યુગની મહાદેવીઓ**—સતીઓના સુંદર ચરિત્રો, સિદ્ધહસ્ત લેખક ભાઇ સુશીલે ઘણા જ પ્રયત્નપૂર્વક સંશોધન કરી લખેલા છે. આ સભા તરફથી **૧–સતી ચરિત્ર ૨-સુરસુંદરી** ચરિત્ર **૩-ચંપકમાલા** ચરિત્ર એ ત્રણ ગ્રંથો સ્ત્રી ઉપયોગી પ્રકટ થયા છે. આ ગ્રંથ તે માટે ચોથો છે. આમાં કેટલાક ચરિત્રો પૂર્વે અપ્રકટ છે છતાં મનન કરવા જેવા છે. દરેક સતી ચરિત્રની શરૂઆતમાં રેખાચિત્રો આપવામાં આવેલ છે. કવર જેકેટ સાથે સુંદર મજબૂત બાઇંડીંગવડે તૈયાર થઇ ગયેલ છે. કીં. રૂા. ૪-૮-૦ પોસ્ટેજ જુદું

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

## તીર્થંકર ભગવાન અને આદર્શ મહાન્ પુરુષોનાં ચરિત્રો.

નીચેના તીર્થંકર ભગવાન અને સત્ત્વશાળી મહાપુરુષોના ચરિત્રોની ઘણી થોડી નકલ બાકી છે, ફરી છપાય તેમ નથી. જલદી મંગાવો.

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ | રૂા. ૨-૮-૦ | ૮ શ્રી પંચમેષ્ઠી ગુણરત્નમાળા | રૂા. ૧-૮-૦ |
| ૨ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર | રૂા. ૨-૦-૦ | ૯ શ્રી દાન પ્રદીપ | રૂા. ૩-૦-૦ |
| ૩ સુમુખ નૃપાદિક કથાઓ | રૂા. ૧-૦-૦ | ૧૦ ધર્મરત્ન પ્રકરણ | ૧-૦-૦ |
| ૪ જૈન નરરત્ન ભામાશાહ | રૂા. ૨-૦-૦ | ૧૧ શ્રી શત્રુંજય પંદરમો ઉદ્ધાર | |
| ૫ શ્રી પૃથવીકુમાર ચરિત્ર | રૂા. ૧-૦-૦ | સમરાશાહનું ચરિત્ર | રૂા. ૦-૪-૦ |
| ૬ મહારાજા ખારવેલ | રૂા. ૦ ૧૨-૦ | ૧૨ શ્રી શત્રુંજયનો સોળમો ઉદ્ધાર | |
| ૭ શ્રી વિજયાનંદસૂરિ | રૂા. ૦-૮-૦ | શ્રી કર્માશાહનું ચરિત્ર | રૂા. ૦-૪-૦ |

### છપાતા ગ્રંથો-( ભાષાંતર )

૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.

૨ શ્રી વસુદેવ હિંડી.

### છપાતા મૂળ ગ્રંથો.

૧ બ્રહત્ કલ્પસૂત્ર છઠ્ઠો ભાગ.

૨ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર ૨-૩-૪-૫ પર્વ

### છપાવવાના અનુવાદોના ગ્રંથો.

૧ શ્રી શાંતિનાથ ચરિત્ર.

૨ શ્રી કથારત્ન કોષ ગ્રંથ.

૩ શ્રી દમયંતી ચરિત્ર.

---

## જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય.

**( સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય ગુજરાત પુરાતત્ત્વ મંદિર )**

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોના જીવન ચરિત્ર સૌરભને પ્રસરાવનારા પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રામાણિક, ઐતિહાસિક પ્રબંધો, કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે. આ ગ્રંથમાં એકત્રીશ વ્યક્તિના તેત્રીશ કાવ્યોનો સંચય-ગુજરાતી રાસોનું સંશોધન કાર્ય સંપાદક મહાશયે કરેલ છે; તેમજ પાછળના કેટલાક રાસો વગેરેનું શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ એલ. બી. તેમજ વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદી બી. એ. એલ.એલ. બી. એ ઉપોદ્ઘાત પરિશિષ્ટો અને કેટલાક રાસોનું છોટાલાલ મગનલાલ શાહ અને પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધી વગેરે સાક્ષરોએ સંપાદન કાર્ય કરેલ છે.

તેનો રચના કાળ ચૌદમાં સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી સાડા ચાર સૈકાનો છે, તે સૈકાઓનું ભાષા સ્વરૂપ, ધાર્મિક, સમાજ રાજકીય વ્યવસ્થા, રીતરીવાજો, આચારવિચાર અને તે તે સમયના લોકોની ગતિનું લક્ષબિંદુ એ દરેકને લગતી સત્ય પ્રમાણિક બધી માહિતિઓ આ ગ્રંથમાં આપવામાં આવેલી છે.

આ ગ્રંથમાં કાવ્યો, તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર, કર્ત્તા મહાશયો કયા કયા ગચ્છના હતા, તે તેમજ તેઓશ્રીના ગચ્છોના નામો, ગૃહસ્થોના નામો, તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે, ૫૦૦ પાંચસો પાના કરતાં વધારે છે. કિંમત રૂા. ૨-૧૨-૦ પોસ્ટેજ અલગ.

---

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only